RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 298* Date: 26.08.2022, Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# બિલ્કિસ બાનો કેસમાં દોષિતોને છોડવા મુદ્દે થયેલી અરજીમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ ફટકારી

## સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સવાલ એ છે કે શું ગુનેગાર ગુજરાતના નિયમો હેઠળ દોષિતો મુક્તિના હકદાર છે કે નહિ?

નવીદિલ્હી,તા.૨૫

બિલ્કિસ બાનો કેસમાં દોષિતોને છોડવા મુદ્દે થયેલી અરજીમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને રાજ્ય સરકારને નોટિસ ફટકારી છે. આ મામલે બે સપ્તાહ બાદ સુનાવણી થશે. ગોધરાકાંડ પછી બનેલા ૨૦૦૨ના બિલ્કિસ બાનો ગેંગરેપ કેસમાં તમામ ૧૧ દોષિતને જેલમુક્ત કરવામાં આવ્યા છે. ૨૦૦૮માં સીબીઆઈની વિશેષ અદાલતે તેમને આજીવન કેદની સજા સંભળાવી હતી. જોકે તેઓ ૨૦૦૪થી જેલમાં હતા. આ તમામને આજીવન કેદને બદલે ૧૫ વર્ષની સજા પૂરી થવાના આધારે ૧૫ ઓગસ્ટના રોજ ગોધરા જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા.

ગુજરાત સરકારના આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો છે. સામાજિક કાર્યકર સુભાષિની અલી સહિત ૪ લોકોએ ગુજરાત સરકારના નિર્ણયને રદ કરવાની માગ કરી છે. આની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે સવાલ એ છે કે શું ગુનેગાર ગુજરાતના નિયમો હેઠળ દોષિતો મુક્તિના હકદાર છે કે નહિ? અમારે જોવું પડશે કે મુક્તિ આપતી વખતે આને ધ્યાનમાં લેવામાં આવ્યું હતું કે નહીં.અરજદારો વતી કપિલ સિબ્બલઃ રમખાણોમાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા, દાહોદમાં પણ આવું જ થયું હતું. બિલ્કિસ અને શમીમ ભાગવાનો પ્રયાસ કરી રહ્યા હતા. શમીમે બાળકને જન્મ આપ્યો હતો. જ્યારે લોકોએ આ બંનેને જોયા, ત્યારે તેમણે કહ્યું હતું કે આમને મારો. ૩ વર્ષના છોકરાનું માથું જમીન પર પટકી દેવામાં આવ્યું હતું. સગર્ભા પર બળાત્કાર કરાયો હતો.

સુપ્રીમ કોર્ટઃ શું તમે કહો છો કે રાહત ન આપી શકાય? ગુજરાત સરકારના નિયમો હેઠળ, સવાલ એ છે કે શું દોષિતો રાહતને પાત્ર હતા કે નહીં? સીજેઆઈ

સીજેઆઈ એનવી રમનાઃ હું અગાઉના નિર્ણયમાં પક્ષકાર નહોતો. મેં ક્યાંક જોયું કે કોર્ટે આ લોકોને મુક્ત કરવાનો આદેશ આપ્યો છે.

દોષિતોના વકીલોઃ મારા અસીલોની ફરી ધરપકડ થઈ શકે છે. અમે આ મામલે પક્ષકાર પણ નથી. અમારી સામે પિટિશન છે.

સીજેઆઈ એનવી રમનાઃ તમે તેને પક્ષકાર કેમ ન બનાવ્યા?

અરજદારો વતી કપિલ સિબ્બલઃ અમે રાજ્ય સરકારના નિર્ણય સામે લડી રહ્યા હતા.

સીજેઆઈ એનવી રમનાઃ ગુજરાત સરકારને નોટિસ પાઠવી રહ્યા છીએ. તમારો જવાબ આપો. નિર્દેશ આપીએ છીએ કે ૧૧ દોષિતોને પણ પક્ષકાર બનાવવામાં આવે.



સુપ્રીમ કોર્ટમાં ગુરુવારે બિલ્કિસ બાનો કેસના આરોપીઓની મુક્તિ મામલે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સીજેઆઈ એનવી રમનાની સામે દોષિતોના વકીલે જ્યારે તે દલીલ કરી હતી કે અમે આ મામલે પક્ષકાર નથી. અમારી વિરુદ્ધ અરજી દાખલ કરવામાં આવી હતી. ઝતૈં રમનાએ આ અંગે સવાલ ઉઠાવ્યો હતો કે તેમને પક્ષકાર કેમ ન બનાવાયા? કોર્ટે આ લોકોને પક્ષકાર બનાવવાનો પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે દોષિતોને મુક્ત કરવા અંગે ગુજરાત સરકારને નોટિસ પાઠવી છે. આ મામલે બે સપ્તાહ બાદ સુનાવણી થશે.

આ મામલાની સુનાવણી સીજેઆઈ રમના ઉપરાંત જસ્ટિસ અજય રસ્તોગી અને જસ્ટિસ વિક્રમ નાથની બેન્ચે કરી હતી. ગુજરાત સરકારના નિર્ણયની સામે સુભાષિની અલી, પત્રકાર રેવતી લાલ અને પ્રોફેસર રૂપ રેખા વર્માએ આ અરજી કરી હતી. બિલ્કિસ બાનો સાથે સામૂહિક બળાત્કાર અને પરિવારના ૭ સભ્યોની હત્યા માટે આજીવન કેદની સજા ભોગવી રહેલા ૧૧ દોષિતને મુક્ત કરવામાં આવ્યા હતા.આ તમામને ગુજરાતનાં રમખાણો દરમિયાન ભાગી ગયેલી સગર્ભા બિલ્કિસ બાનો પર સામૂહિક દુષ્કર્મ કરવા, તેની ત્રણ વર્ષની બાળકીને પછાડીને મારી નાખવા સહિત પરિવારના સાત સભ્યની હત્યા કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા હતા.કલમ ૪૩૩ અને ૪૩૩ એ હેઠળ, સંબંધિત રાજ્ય સરકાર કોઈપણ દોષિતની મૃત્યુદંડને અન્ય કોઈ સજામાં બદલી શકે છે. એવી જ રીતે ૧૪ વર્ષની કેદ પૂર્ણ થયા બાદ આજીવન કેદની સજા પણ માફ કરી શકાય છે. એવી જ રીતે સંબંધિત સરકાર કઠોર સજાને સાદી જેલ અથવા દંડ અને સાદી કેદને માત્ર દંડમાં બદલી શકે છે. તેના આધારે રાજ્યો નીતિ બનાવે છે. એને રિમિશન પોલિસી કહેવામાં આવે છે.

બિલ્કિસ બાનો કેસના ૧૧ દોષિતમાંથી એક રાધેશ્યામ ભગવાનદાસ શાહે સીધી ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરી હતી. અપીલમાં કહેવામાં આવ્યું હતું કે તેને માફી નીતિ હેઠળ મુક્ત કરવામાં આવે.જુલાઈ ૨૦૧૯માં ગુજરાત હાઈકોર્ટે અરજીને ફગાવી દીધી હતી કે મહારાષ્ટ્રમાં સજા સંભળાવવામાં આવી હોવાથી, મુક્તિ માટેની અપીલ પણ ત્યાં થવી જોઈએ. હકીકતમાં બિલ્કિસ બાનોની અપીલ પર સુપ્રીમ કોર્ટે આ કેસને મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર કરી દીધો હતો અને તમામને સીબીઆઈની વિશેષ અદાલતમાં આજીવન કેદની સજા ફટકારવામાં આવી.ગુજરાત હાઈકોર્ટના નિર્ણય સામે દોષિત ભગવાનદાસ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. મે ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ગુજરાત સરકારે આ મામલે નિર્ણય લેવો જોઈએ, કારણ કે ત્યાં ગુનો આચરવામાં આવ્યો હતો. કોર્ટના નિર્દેશ પર ગુજરાત સરકારે પંચમહાલના કલેક્ટર સુજલ મિત્રાની અધ્યક્ષતામાં એક કમિટીની રચના કરી હતી. સમિતિએ તાજેતરમાં સર્વસંમતિથી માફીની તરફેણમાં નિર્ણય લીધો હતો, એટલે કે ૧૧ દોષિતને સમય પહેલાં મુક્તિનો નિર્ણય લીધો. આ પછી ગુજરાત સરકારે આ દોષિતોને મુક્ત કરવાની મંજૂરી આપી.

૨૦૧૨ના એક કેસમાં સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે આજીવન કેદ એટલે જીવનભરની કેદ. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને મદન બી. લોકુરની બેન્ચે અવલોકન કર્યું હતું કે ×એવી ખોટી માન્યતા હોય છે કે આજીવન કેદની સજા ભોગવી રહેલા કેદીને ૧૪ કે ૨૦ વર્ષની જેલની સજા પૂરી થવા પર મુક્ત થવાનો અધિકાર છે×. કેદીને એવો કોઈ અધિકાર નથી. આજીવન કેદ અથવા આજીવન કેદની સજા ભોગવી રહેલા દોષિતે જીવનના અંત સુધી કસ્ટડીમાં રહેવું પડે છે. આજીવન કેદની સજા પૂરી થાય એ પહેલાં દોષિતને સંબંધિત સરકારની કોઈપણ મુક્તિ અથવા માફી સાથે સીઆરપીસીની કલમ ૪૩૨ હેઠળ મુક્ત કરી શકાય છે, પરંતુ સીઆરપીસીની કલમ ૪૩૩-એ મુજબ, સંબંધિત સરકાર ૧૪ વર્ષ અગાઉ આજીવન કેદની સજાને ઘટાડી શકતી નથી.'

# દિલ્હીની સરકાર પાડી પાડવા માટે ભાજપ ૮૦૦ કરોડ ખર્ચ કરવા તૈયાર : દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ

નવીદિલ્હી,તા.૨૫

દિલ્હીમાં 'ઓપરેશન લોટસ' પર સવાલ કર્યા પછી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આમ આદમી પાર્ટીના ધારાસભ્યોએ બેઠક બોલાવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ બેઠકમાં ૯ ધારાસભ્યો ગેરહાજર રહ્યા હતા.મીટિંગ પછી કેજરીવાલ રાજઘાટ પહોંચ્યા અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે કહ્યું- ભાજપ અમારા ૪૦ ધારાસભ્યો ખરીદવા માંગે છે. દરેક ધારાસભ્યોને ૨૦-૨૦ કરોડની ઓફર આપવામાં આવી છે. ભાજપ ૮૦૦ કરોડ ખર્ચ કરીને દિલ્હી સરકાર પાડવા માંગે છે. ૭૦ સીટો વાળી દિલ્હી વિધાનસભામાં આપ પાસે ૬૨ અને ભાજપ પાસે ૮ સીટો છે.

ભાજપ પર આરોપ લગાવતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે, ભાજપે, દિલ્હી સરકારને તોડવા માટે ૮૦૦ કરોડ રાખ્યા છે. ધારાસભ્ય દીઠ ૨૦ કરોડ, ૪૦ ધારાસભ્યને તોડવા માંગે છે. દેશ જાણવા માંગે છે કે આ ૮૦૦ કરોડ કોના છે અને ક્યાં રાખવામાં



આવ્યા છે? અમારો એકપણ ધારાસભ્ય તુટ્યો નથી અને અમારી સરકાર સ્થિર છે. દિલ્હીમાં જે સારું કામ ચાલી રહ્યું છે તે ચાલુ રહેશે.

જ્યારે બેઠક પછી આપના મુખ્ય પ્રવક્તા સૌરભ ભારદ્વાજે કહ્યું હતું કે દિલ્હી સરકારને કોઈ જોખમ નથી. સરકાર સ્થિર છે અને જે ધારાસભ્યો ગેરહાજર રહ્યા છે, તેઓ પોત-પોતાના કામથી બહાર ગયા છે. ભાજપે અમારા ૧૨ ધારાસભ્યોને છોડવાની ઓફર કરી છે. સૌરભે વધુમાં જણાવ્યું હતું કે મીટિંગમાં નાયબ મુખ્યમંત્રી સિસોદિયા અને વિધાનસભા સ્પીકર રામનિવાસ ગોયલ પણ ગેરહાજર હતા. આ તરફ ઓપરેશન લોટસ ફેઈલ થવાના કારણે અરવિંદ કેજરીવાલ રાજઘાટ જશે અને ત્યાં મૌન વ્રત કરશે.

આપના ધારાસભ્ય દિલીપ પાંડેએ જણાવ્યું હતું કે ગઈકાલ સાંજથી અમુક ધારાસભ્યોનો સંપર્ક થઈ શક્યો નથી.

અમે સતત તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. તમામ ધારાસભ્યો ટૂંક સમયમાં જ મીટિંગમાં પહોંચશે. ભાજપ અમારા ૪૦ તોડવાનો પ્રયાસ કરી રહી છે. બુધવારે આમ આદમી પાર્ટી એ પ્રેસ-કોન્ફરન્સ કરી હતી. આપ નેતા સંજય સિંહે ઓપરેશન લોટસ અંગે ખુલાસો કર્યો. તેમણે કહ્યું હતું કે અમારા ધારાસભ્યોને ભાજપે ઓફર કરી છે. ઓફર એ હતી કે આપ છોડવા પર ૨૦ કરોડ રૂપિયા મળશે અને બીજાને સાથે લાવશો તો ૨૫ કરોડ. સંજય સિંહે કહ્યું હતું કે અમારા ધારાસભ્યો સંજીવ ઝા, સોમનાથ ભારતી, કુલદીપ કુમાર અને અન્ય એક ધારાસભ્યને ભાજપ છોડવાના બદલામાં ૨૦ કરોડ આપવાની ઓફર કરી હતી. સંજય સિંહ સાથે સોમનાથ ભારતી પણ હતા. ભાજપના લોકોએ મને કહ્યું હતું કે આપના ૨૦ ધારાસભ્ય તેમના સંપર્કમાં છે. ૧૯ ઓગસ્ટના રોજ મનીષ સિસોદિયાના ઘરે સીબીઆઈએ દરોડા પાડ્યા હતા. આ દરોડા લગભગ ૧૪ કલાક ચાલ્યા હતા. જેના પછી સીબીઆઈએ આ મામલામાં કેસ નોંધ્યો હતો. સિસોદિયાએ દરોડા પછી કહ્યું હતું કે ભાજપે તેને આપ છોડવાની અને મુખ્યમંત્રી બનાવવાની ઓફર કરી હતી.

આ તરફ ભાજપે જવાબમાં કહ્યું હતું કે ભ્રષ્ટચારના આરોપથી બચવા માટે આમ આદમી પાર્ટી ખોટી વાતો ફેલાવી રહી છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું હતું કે મનીષ સિસોદિયાએ જવાબ આપવો પડશે.દિલ્હી ભાજપના નેતા કપિલ મિશ્રાએ ટ્વીટ કરીને ઘણા સવાલ પૂછ્યા છે. તેમણે કહ્યું, દેશ જાણવા માંગે છે કે મનીષ સિસોદિયાએ કેજરીવાલને કેટલું કમિશન આપ્યું? કેજરીવાલ દારૂ માફિયાઓને બચાવવા માટે કેમ અધીરા છે? કેજરીવાલને આટલા બધા જુઠુ કેમ બોલવું પડે છે? કેજરીવાલ મનીષ સિસોદિયાની ચોરી પરથી કેમ ધ્યાન હટાવવા માગે છે? જ્યારે આપ પર પ્રહાર કરતાં કેન્દ્રીય મંત્રી મીનાક્ષી લેખીએ કહ્યું હતું કે, અમારે આપઁને તોડવાની જરૂર નથી, માત્ર તેમના દુષ્કૃત્યો જ તેમને તોડશે.તેમણે કહ્યું કે દેશ જોઈ રહ્યો છે કે ૨૦૧૪થી સરકારે કેવી રીતે કામ કર્યું છે. લોકોને વીજળી અને પાણી આપવામાં આવ્યું છે. તમે કેન્દ્ર સરકારના કામને તમારા પોતાના કહેવામાં વ્યસ્ત છો.

# નોઈડાના સુપરટેક ટ્વીન ટાવરને જમીનદોસ્ત કરવા માટેની તૈયારીઓ પૂરી થઈ

## ૪ સેકન્ડમાં ટ્વીન ટાવર જમીનદોસ્ત થશે, નીચેથી ઉપર તરફ વિસ્ફોટ થશે, કાટમાળ હટાવતા ૩ મહિના થશે

નોઈડા,તા.૨૫

નોઈડાના સુપરટેક ટ્વીન ટાવરને જમીનદોસ્ત કરવા માટેની તૈયારીઓ પૂરી થઈ ગઈ છે. ટાવરને પાડવામાં હવે ત્રણ દિવસ બાકી છે, ત્યારે હવે પ્રશાસન અને પોલીસ સંપૂર્ણ રીતે તેના બંદોબસ્તમાં લાગી ગઈ છે. ટાવરને ધરાશાયી કરવા માટે તેમાં ૩૭૦૦ કિલો વિસ્ફોટક લગાવવામાં આવ્યો છે. વિસ્ફોટ કરતાંની સાથે જ અંદાજે ૪ સેકન્ડમાં જ આખેઆખો ટાવર જમીનદોસ્ત થઈ જશે. આ સાથે જ તેના કાટમાળને સાયન્ટિફિક પ્રોસેસ માટે મોકલવામાં આવશે.

એડિફિસ એન્જિનિયરિંગ પ્રોજેક્ટ મેનેજર મયૂર મહેતાએ જણાવ્યું હતું કે, 'અમારી તૈયારી પૂરી થઈ ગઈ છે. બંને ટાવરમાં ૩૭૦૦ કિલો વિસ્ફોટક લગાવી દેવામાં આવ્યો છે. આ વિસ્ફોટક મેન્યુઅલી જ લગાવવામાં આવ્યા છે. તેમનું કહેવું છે કે, વિસ્ફોટકમાં ઈગ્નિશન ૭ સેકન્ડમાં જ શરૂ થશે અને ૪ સેકન્ડમાં જ ટાવર જમીનદોસ્ત થઈ જશે.' વધુમાં તેઓ જણાવે છે કે, વિસ્ફોટ નીચેથી ઉપરની તરફ થશે, એટલે કે પહેલા નીચેનો ભાગ પડશે અને ત્યારબાદ ઉપરનો ભાગ ધરાશાયી થશે. ત્યારબાદ કાટમાળને સાયન્ટિફિક રીતે પ્રોસેસ માટે મોકલવામાં આવશે.

ટ્વીન ટાવર ધરાશાયી થતા અંદાજે ૪૨ હજાર ક્યૂબિક મીટર જેટલો કાટમાળ નીકળશે. આ ઉપરાંત ટાવરની આસપાસ અને પાસેના રસ્તાઓ ઉપર પણ કાટમાળ પડશે. જેમાં ૪૦૦૦ ટન જેટલું લોખંડ નીકળશે. તેને વેચીને એડિફિસ નફો મેળશે. આ સાથે જ મળતી માહિતી પ્રમાણે, આ કાટમાળ ખસેડતા લગભગ ૯૦ દિવસ લાગશે. આ ઉપરાંત કાટમાળ ખસેડવા માટે ટ્રક ૧૩૦૦ જેટલા આંટાફેરા પણ કરશે.

એડિફિસ એન્જિનિયરિંગના પ્રોજેક્ટ મેનેજરે જણાવ્યું હતુ કે, વિસ્ફોટ લગાવવાનું કામ ૧૩ ઓગસ્ટે શરૂ કરવામાં આવ્યું હતું. સિયાન ટાવરમાં વિસ્ફોટકો લગાવવાનું કામ ૧૭ ઓગસ્ટે એટલે કે બુધવારે પૂરું કરવામાં આવ્યું હતું. સોમવારે સાંજે એપેક્સ ટાવરમાં વિસ્ફોટક લગાવવાનું કામ પૂરું કરવામાં આવ્યું હતું. બંને ટાવરમાં વિસ્ફોટક લગાવવાનું કામ ૧૬ ટીમોએ કર્યું છે. હાલ તેમાં ૯૬૦ ફ્લેટ છે.'આ કામમાં ૪૦થી વધુ લોકો જોડાયા હતા. આ સિવાય ૧૭ વિશેષજ્ઞોની ટીમ હતી. તેમના ગાઈડન્સમાં આ કામ કરવામાં આવ્યું હતું. એપેક્સ ટાવરમાં ૧૧ પ્રાઈમરી ફ્લોર અને સાત સેકન્ડરી ફ્લોર છે. બેઝમેન્ટમાં તમામ ફ્લોર પર અને બીજા બેઝમેન્ટના ૬૦ ટકા થાંભલામાં વિસ્ફોટક લગાવી દેવામાં આવ્યા છે.

સુપરટેકના બંને ટાવરોને ધ્વસ્ત કરતાં પહેલાં આસપાસના ૭૦૦૦ લોકોએ તેમનું ઘર છોડવું પડ્યું છે. તેને ઈવેક્યૂવેશન પ્લાનમાં સામેલ કરવામાં આવ્યું છે. એડિફિસ એન્જિનિયરિંગ અને પોલીસ પ્રશાસનનું કહેવું છે કે, બ્લાસ્ટના દિવસે આ તમામ લોકોને ૧૦૦ મીટર રેડિયસ જેટલા અંતરે બહાર કરવાનું કામ બહુ મુશ્કેલ છે.

ટાવરમાં બ્લાસ્ટ કરતા પહેલાં સુપરટેક ઈમરાલ્ડના ૧૪ ટાવરોમાં ૬૬૦ ફ્લેટ અને એટીએસમાં ૭૩૬ ફ્લેટ છે. આ ફ્લેટમાં સામાન છોડીને લોકોએ થોડા સમય માટે અહીંથી જવું પડશે. ૧૦૦ મીટરની રેડિયસમાં બેઝમેન્ટ અને સરફેસ પાર્કિંગ ખાલી રહેશે. પાર્કિંગની ગાડીઓને અન્ય જગ્યાએ પાર્ક કરવામાં આવશે.

૨૮ ઓગસ્ટે બંને ટાવરને ધરાશાયી કરવાના દિવસે ટાવરની આસપાસ ૫૦૦થી વધુ પોલીસકર્મીઓ બંદોબસ્તમાં હશે. આ સિવાય ૧૫૦ ટ્રાફિક પોલીસ કર્મીઓની માગ છે, જેથી ડાયવર્ટ કરેલા સહિત અન્ય રૂટ પર નજર રાખી શકાય. વિસ્ફોટવાળા દિવસે નોઈડા એક્સપ્રેસ-વેનો ૩૦ મિનિટ માટે બંધ કરવામાં આવશે.

બ્રિટનની કંપનીએ આ મામલે સરવે કર્યો છે. જેમાં વિસ્ફોટ પછી ૧૦ મીટર સુધી જમીનમાં કંપન થશે. ૨૨ મિમી (મિલીમીટર પ્રતિ સેકન્ડ)થી ૩૪ મિમી પ્રતિ સેકન્ડ સુધી ધ્રુજારી થશે. આમ જ ૨૦ મીટર સુધી ૧૬થી ૨૪ મિમી સુધી ધ્રુજારી થશે. વધુમાં વધુ ૧૦૦ મીટરના અંતર સુધી ૩ મિમીથી ૫ મિમી સુધી ધ્રુજારી થવાની સંભાવના છે. તેની આસપાસ બનેલી બિલ્ડિંગ્સ રિક્ટર સ્કેલ પર ૫ની તીવ્રતા સુધીનો ઝાટકો ઝીલી શકશે.

# જાટ નેતા ભૂપેન્દ્ર ચૌધરી યુપી ભાજપના નવા અધ્યક્ષ, પશ્ચિમની સફળતાનો પુરસ્કાર

લખનૌ,તા.૨૫

ઉત્તર પ્રદેશ ભાજપના નવા પ્રદેશ અધ્યક્ષની રાહ પૂરી થઈ ગઈ છે. જાટ નેતા ભૂપેન્દ્ર સિંહ ચૌધરીએ ભાજપ અધ્યક્ષની રેસમાં જીત મેળવી છે. ભૂપેન્દ્રસિંહ ચૌધરીના નામની જાહેરાત કરવામાં આવી છે. ભૂપેન્દ્ર સિંહ ચૌધરીને જાટ સમુદાય અને પશ્ચિમ યુપીમાં મજબૂત પકડ રાખવાની ભેટ આપવામાં આવી છે.



ભૂપેન્દ્ર સિંહની પકડનું પરિણામ એ આવ્યું કે યુપીની છેલ્લી ચૂંટણીઓમાં ભાજપને પૂર્વાંચલમાં ભલે અપેક્ષિત સફળતા ન મળી હોય, પરંતુ પશ્ચિમ યુપીમાં ખેડૂતોના આંદોલન પછી પણ જબરદસ્ત જીત મળી હતી.જીત્યા બાદ યોગી-૨.૦માં ભૂપેન્દ્ર ચૌધરીને યુપીની યોગી સરકારમાં બીજી વખત મંત્રી બનાવવામાં આવ્યા હતા. આ પહેલા તેઓ લાંબા સમય સુધી સંસ્થામાં કામ કરી ચૂક્યા છે. પ્રદેશ પ્રમુખ માટે જવાબદાર. ભૂપેન્દ્ર ચૌધરીના નવા પ્રમુખ બનવાની ચર્ચા બુધવારે બપોરે એ જ સમયે શરૂ થઈ ગઈ હતી, જ્યારે તેઓ અચાનક આઝમગઢમાં પોતાનો કાર્યક્રમ છોડીને લખનૌ જવા રવાના થઈ ગયા હતા.પશ્ચિમ યુપીના મુરાદાબાદની કંથ વિધાનસભા બેઠકને જાટ જમીન તરીકે પણ ઓળખવામાં આવે છે. ભૂપેન્દ્ર ચૌધરી આ જાટ જમીનના રહેવાસી છે. યોગીની અગાઉની સરકારમાં પણ ભૂપેન્દ્ર ચૌધરીને મંત્રી બનાવવામાં આવ્યા હતા. તે સમયે ભૂપેન્દ્ર ચૌધરી પંચાયતી રાજ્ય મંત્રી હતા.ભૂપેન્દ્ર ચૌધરીએ ૧૯૯૯માં સપાના સંસ્થાપક મુલાયમ સિંહ સામે લોકસભા ચૂંટણી લડી હતી. લોકસભા ચૂંટણીમાં હાર બાદ પણ ભાજપે ભૂપેન્દ્ર ચૌધરી પર પૂર્ણ વિશ્વાસ મૂક્યો હતો. તેની અસર પણ જોવા મળી રહી છે.

## તંત્રી સ્થાનેથી...

# લગામ જરૂરી

એ સમજવું મુશ્કેલ છે કે તેલંગણાના ભાજપી ધારાસભ્ય રાજા સિંહે એ જ કામ શું કામ કર્યું, જેના માટે પાર્ટી પ્રવક્તા નુપુર શર્માને બરતરફ કરવામાં આવ્યાં હતાં? એવું લાગે છે કે વિવાદોમાં રહેવા માટે ટેવાયેલા રાજા સિંહે એ જાણવા છતાં પણ કોઈ બોધ નથી લીધો કે નુપુર શર્માની ટિપ્પણીને લઈને દેશ-વિદેશમાં કેટલો મોટો હોબાળો થયો હતો? ધાર્મિક બાબતોમાં કોઈ ટીકા-ટિપ્પણી કરતાં પહેલાં દરેક જણે અને ખાસ કરીને નેતાઓએ તો વધુ સતર્કતા રાખવી જોઈએ, પરંતુ કદાચ કેટલાક નેતા સંવેદનશીલ બાબતોમાં પણ સાચવીને નિવેદન આપવાની જરૂરિયાત સમજતા નથી. વિવાદી નિવેદનો દ્વારા ચર્ચામાં આવવાનો અવસર શોધનારા નેતા ન માત્ર પોતાની પાર્ટી માટે મુસીબત ઊભી કરે છે, બલ્કે માહોલ ખરાબ કરવાનું પણ કામ કરે છે. મુશ્કેલી એ છે કે એવું કામ કરનારા બેફામ બનતા જાય છે. તેમાં વિભિન્ન રાજકીય પક્ષોના નેતાઓ પણ સામેલ છે અને ધર્મગુરુઓ પણ. આ સિલસિલો જ્ઞાનવાપી પ્રકરણ બાદથી કંઈક વધારે જ ચગ્યો છે. એના પર રોક લગાવવાની જવાબદારી બધાની છે. એનાથી પણ વધુ જરૂરિયાત એ છે કે જેઓ પણ એકબીજાના ધાર્મિક પ્રતીકો પર અયોગ્ય ટિપ્પણી કરે, તેના વિરુદ્ધ સમાન રૂપે કઠોર કાર્યવાહી થાય.

શું એને ન્યાયસંગત કહી શકાય કે નુપુર શર્મા વિરુદ્ધ તો દેશભરમાં લગભગ દસ એફઆઈઆર નોંધાઈ ગઈ, પરંતુ જે લોકોએ શિવલિંગ મુદ્દે અભદ્ર ટિપ્પણીઓ કરી, તેમના વિરુદ્ધ કોઈ કાર્યવાહી ન કરવામાં આવી. આ જ રીતે રાજા સિંહની તો તાબડતોબ ધરપકડ કરી લેવામાં આવી, પરંતુ એ લોકો વિરુદ્ધ કશું જ ન કરવામાં આવ્યું, જેમણે હિંદુ દેવી-દેવતાઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. રાજા સિંહની ટિપ્પણીના વિરોધમાં હૈદરાબાદમાં ખુલ્લેઆમ સર તન સે જુદાના નારા પણ લગાવવામાં આવ્યા. આ નારો બીજું કશું જ નહીં, હત્યાની સીધી ધમકી જ છે. દેશના વિભિન્ન હિસ્સામાં આવા ખોફનાક નારા નુપુર શર્મા પ્રકરણ બાદથી જ ચાલુ છે, પરંતુ કોઈના વિરુદ્ધ કોઈ જ કાર્યવાહી નથી થઈ રહી, અને તે પણ ત્યારે, જ્યારે આ નારો લગાવનારા કેટલાય લોકોને મોતને ઘાટ ઉતારી ચૂક્યા છે! જ્યારે એકતરફી કાર્યવાહી થાય છે તો ન માત્ર સમાજને ખોટો સંદેશ જાય છે, બલ્કે કાયદાના શાસનની પણ હાંસી ઊડે છે. તેની સાથે એ તત્ત્વોને બળ પણ મળી જાય છે, જે અરાજકતાનો સહારો લઈને સડકો પર ઉતરી આવે છે. જો પોલીસ પ્રશાસન બેફામ નિવેદન કરનારાઓ અથવા અરાજક તત્ત્વો વિરુદ્ધ કાર્યવાહી મામલે અલગ-અલગ માપદંડ અપનાવશે તો તેનાથી કાયદો હાથમાં લેનારાં તત્ત્વોનું દુસ્સાહસ વધશે જ.

# નેશનલ કોન્ફરન્સે રાજ્યની તમામ ૯૦ બેઠકો ઉપર ચૂંટણી લડવાની જાહેરાત કરી

શ્રીનગર,તા.૨૫

જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સે રાજ્યની વિધાનસભાની ચૂંટણીમાં તમામ ૯૦ બેઠકો પર ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. નેશનલ કોન્ફરન્સે આમ કહીને પીપલ્સ અલાયન્સ ફોર ગુપકર ડિક્લેરેશનને તોડી પાડવાનો સંકેત આપ્યો હતો. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાએ રાજ્યના લોકોને વધુમાં વધુ મતદાર યાદીમાં નામ નોંધાવવા અને મતદાનમાં ભાગ લેવા જણાવ્યું છે.ગુપકરમાં પાંચ પક્ષોનો સમાવેશ થાય છે – નેશનલ કોન્ફરન્સ, પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી,અવામી નેશનલ કોન્ફરન્સ, કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા માર્ક્સિસ્ટ ,કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા છે.જે કલમ ૩૭૦ ની મોટાભાગની જોગવાઈઓને નાબૂદ કર્યા પછી જમ્મુ અને કાશ્મીરનો વિશેષ દરજ્જો પુનઃસ્થાપિત કરવાના ઉદ્દેશ્ય સાથે ૪ ઓગસ્ટ, ૨૦૧૯ ના રોજ તેની રચના કરવામાં આવી હતી.

ગુપકરએ જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણી એકસાથે લડી હતી, જેમાં શરૂઆતમાં સજ્જાદ ગની લોનની આગેવાની હેઠળની પીપલ્સ કોન્ફરન્સ પણ એક ઘટક હતુ. જો કે, જમ્મુ અને કાશ્મીર નેશનલ કોન્ફરન્સે શ્રેણીબદ્ધ ટ્વીટમાં ગુપકરના કેટલાક સભ્યો દ્વારા પાર્ટી વિરુદ્ધ કરવામાં આવેલા ભાષણો પર નિરાશા વ્યક્ત કરી હતી.

નેશનલ કોન્ફરન્સના ઉપાધ્યક્ષ ઓમર અબ્દુલ્લાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક બાદ નેશનલ કોન્ફરન્સે જણાવ્યું હતું કે મીટિંગના સહભાગીઓએ જેકેએનસીને નિશાન બનાવતા ગુપકરના કેટલાક સભ્યો દ્વારા કરવામાં આવેલા તાજેતરના નિવેદનો પર તેમની નારાજગી વ્યક્ત કરી હતી. કોન્ફરન્સે કહ્યું કે, મને લાગ્યું કે તે જોડાણની એકતામાં યોગદાન આપતું નથી. પ્રાંતીય સમિતિના સહભાગીઓએ ગુપકરમાં જેકેએનસી સાથે કરવામાં આવેલ અન્યાયી વર્તનની નિંદા કરી. સહભાગીઓએ ગુપકર ઘટકોને સુધારા માટે તાત્કાલિક પગલાં લેવા વિનંતી કરી છે.

તેમણે અન્ય એક ટ્વીટમાં કહ્યું, "પ્રાંતીય સમિતિના સભ્યોએ સર્વસંમતિથી ઠરાવ કર્યો કે જેકેએનસીએ તમામ ૯૦ બેઠકો પર ચૂંટણી લડવાની તૈયારી કરવી જોઈએ." આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા, પીડીપીના મુખ્ય પ્રવક્તા સુહેલ બુખારીએ કહ્યું કે ચૂંટણી ક્યારેય તેમની પાર્ટીનો ઉદ્દેશ્ય કે ગુપકરની રચનાનું કારણ નહોતું. એકતાના વિશાળ હિતમાં, અમલગામના ઘટકોએ સાથે મળીને આગળ વધવાની જરૂર છે, એમ તેમણે જણાવ્યું હતું. જો કે ચૂંટણી અંગેનો નિર્ણય નેશનલ કોન્ફરન્સે લેવાનો છે.

અબ્દુલ્લાએ કહ્યું કે, ગુપકરની ઓળખને સુરક્ષિત કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે પહેલા નોંધણી કરાવો અને મોટી સંખ્યામાં તમારો મત આપો. નેશનલ કોન્ફરન્સે કહ્યું કે બેઠકમાં જમ્મુ અને કાશ્મીર સંબંધિત મુદ્દાઓ, ખાસ કરીને બિન-સ્થાનિક મતદારોને મતદાર યાદીમાં સામેલ કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.

## સત્ય ની આંખે (ભાગ- ૨૫)

# સ્વાર્થની આ દુનિયામાં હિતેચ્છુઓને ઓળખવા મુશ્કેલ છે. મીઠું બોલનારા લોકો કપટી, સ્વાર્થી હોય છે




ઘણા લોકોની વાણી જ કુહાડી જેવી ધારદાર અને એક ઘા ને બે કટકા કરનારી કર્કશ હોય છે. આવા લોકો ઝઘડાળુ, ચાડી-ચુગલીખોર અને ઓછી આવડતવાળા હોય છે. તેમના પર કોઈ ભરોસો કરતું નથી. તેઓ જ્યાં ને ત્યાં ગમે તેની સાથે બાખડી પડે છે. સમાધાન કરવાનું તેઓ શીખ્યા હોતા નથી. આથી તેમણે દુઃખ સહન કરવું પડે છે અને જીવનમાં એકલા પડી જાય છે. આવા લોકો ઓછું ભણેલા પણ હોય છે.જેઓ મીઠું મીઠું બોલતા હોય, તેમાં કૃત્રિમતા ઝલકતી હોય અને એ વખતે ચહેરો પણ કૃત્રિમ જ દેખાતો હોય એવા લોકો અત્યંત ગણતરીબાજ, સ્વાર્થી, બહુરૂપી અને પોતાનું કામ કઢાવી લેનારા હોય છે. તેમને બીજાનો ઉપયોગ કરતાં સારું આવડે છે. તેઓ બધાને મસકાપોલિશ લગાવતા ફરે છે, કારણ કે તેમનામાં ઘણી મર્યાદાઓ હોય છે કે તેઓ પોતાનું ધાર્યું કરાવવ ઈચ્છતા હોય છે.જેઓ ઊંચા અવાજે બોલતા હોય છે, એ લોકો બીજાએનું ધ્યાન પોતાની તરફ આકર્ષવાનો પ્રયાસ કરતા હોય છે. વળી આ લોકો પોતાને કંઈક ખાસ જ ગણતા હોય છે. ઉપરાંત તેઓ મનથી જડ પ્રકૃતિના હોય છે. જલદીથી કોઈ બાબતે સમજે, માને એવા હોતા નથી. એટલે તેમને હેન્ડલ કરવા મુશ્કેલજનક હોય છે. આવા લોકા થોડા મિજાજી અને જિદ્દી સ્વભાવના પણ હોય છે. આવા લોકો ઝઘડાળુ પણ હોય છે.કેટલાક લોકો ફક્ત પોતાના વિશે જ વિચારે છે. તેઓ અન્યની લાગણીઓની પરવા કરતા નથી. આ લોકો પોતાના ફાયદા માટે સહેલાઈથી કોઈનો પણ વિશ્વાસ તોડી શકે છે.દરેક વ્યક્તિનો વ્યવહાર એકબીજાથી અલગ હોય છે. કેટલાક લોકો બીજાઓ માટે પોતાનાથી પણ વધુ વિચારે છે. સાથે જ કેટલાક લોકો એટલા સ્વાર્થી હોય છે કે તેઓ પોતાના સિવાય બીજું કશું દેખાતુ જ નથી. આ લોકો પોતાના ફાયદા માટે સરળતાથી કોઈનો પણ વિશ્વાસ તોડી નાખે છે.અમુક લોકો ખુબ જ મતલબી હોય છે અને મોટા ભાગના લોકો ને આવા લોકો જીવન મા મળ્યા જ હોય છે.તમે જેને તેમની મુશ્કેલી મા સાથ આપ્યો હોય , તમારા ખુદ નો વિચાર પછી કર્યો હોય પણ તેમને બનતી મદદ કરી હોય તેવા લોકો જ ખાસ કરી ને આવું વર્તન કરતા હોય છે.

આપણે ઘણીવાર જીવનમાં લોકોને ના નથી પાડી શકતા અથવા તો ના પાડતા ખચકાતા હોય છે. કેટલાંય એવા લોકો હોય છે જેમને આપણે નથી પસંદ કરતા આમ છતાંય સમાજના ડરે તેમને પ્રસંગપાત ઘરે બોલાવવા પડે છે. પરંતુ ચાણક્યએ જણાવ્યું છે કે તમારે ઘરે અમુક પ્રકારના લોકોને ક્યારેય ન બોલાવવા જોઈએ. જો તમે આવા લોકોને ઘરે બોલાવો તો તેને કારણે તમારે ઘણું દુઃખ સહન કરવું પડે છે.કેટલાંક લોકો એવા હોય છે જે તમારા મોઢે તમારું સારુ સારુ બોલે અને તમારી પીઠ પાછળ તમારી નિંદા કરે. ચાણક્યના જણાવ્યા મુજબ ક્યારેય આવા લોકોને ઘે ન બોલાવવા જોઈએ. આવા લોકો પીઠ પાછળ તમારા વિષે જેવી તેવી અફવા ફેલાવતા હોય છે.જે લોકો તમારો માત્ર મુસીબતના સમયે જ ફાયદો ઊઠાવતા હોય તેવા લોકોને બોલાવવાનું બંધ કરી દો. આવા લોકો માટે તમારા જીવનમાં કોઈ સ્થાન ન હોવું જોઈએ. આવા મતલબી લોકો તમારી ગમે તેટલા ક્લોઝ હોય તો પણ તેમને જીવનમાંથી દૂર કરી દેવા જોઈએ.અમુક લોકો એવા હોય છે જે બીજાને દુઃખ તો પહોંચાડે જ છે પરંતુ તેનો કોઈ અફસોસ પણ નથી વ્યક્ત કરતા. આવા લોકોને એક વાર માફ કરી શકાય પરંતુ તેઓ આવું વારંવાર કરે તો સમજી લેવું કે તેમનાથી અંતર બનાવવાનો સમય આવી ગયો છે. ચાણક્યના મતે આવા લોકો જીવન બરબાદ કરી દેનારા પુરવાર થાય છે. જે લોકોને બીજાની લાગણીની કદર નથી અને જે પોતાની જાતને જ સાચી માને છે તેવા લોકોથી તમારે દૂર જ રહેવું જોઈએ.

ચાણક્યના જણાવ્યા મુજબ જે વ્યક્તિને વેદોનું બિલકુલ જ્ઞાન ન હોય તેની સાથે મૈત્રી ન કરવી જોઈએ. વેદ એ જ્ઞાનનું ઉદભવસ્થાન છે અને તે જીવનના મૂલ્યોની શિક્ષા આપે છે. દરેક વ્યક્તિએ વેદ અને ઉપનિષદમાં શ્રધ્ધા રાખવી જોઈએ. જે લોકો વેદમાં નથી માનતા તેઓ નકારાત્મક હોય છે. આવા લોકોને ઘરે બોલાવવાની ભૂલ ન કરવી જોઈએ.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

# સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સાર્વત્રિક વૃદ્ધિઃ કોટનમાં નરમાઈની આગેકૂચ

પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૩૫૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૫૩૧૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૭૫ કરોડનાં કામકાજમુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૬૧,૦૭૫ સોદાઓમાં કુલ રૂ.૧૩,૭૪૩.૫૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૩૫૩.૨૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૫૩૧૫.૫ કરોડનો હતો. કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૯,૯૮૪ સોદાઓમાં કુલ રૂ.૪,૭૭૮.૧૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૧,૪૯૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૮૪૪ અને નીચામાં રૂ.૫૧,૪૯૭ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૮૦ વધી રૂ.૫૧,૮૧૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૮૧૫ વધી રૂ.૪૧,૬૮૩ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫૪ વધી રૂ.૫,૧૧૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૧,૪૯૯ના ભાવે ખૂલી, રૂ.૨૮૦ વધી રૂ.૫૧,૭૬૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૨૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૭૪૦ અને નીચામાં રૂ.૫૫,૨૩૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૦૫ વધી રૂ.૫૫,૬૪૨ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭૫૬ વધી રૂ.૫૬,૦૦૮ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૮૦૫ વધી રૂ.૫૬,૦૨૧ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૮૪૦ સોદાઓમાં રૂ.૧,૫૯૨.૪૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૭૦ વધી રૂ.૨૧૦.૨૦ અને જસત ઓગસ્ટ વાયદો રૂ.૫.૧૫ વધી રૂ.૩૧૮ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૭.૨૫ વધી રૂ.૬૭૪.૫૫ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૮૦ વધી રૂ.૧૮૦ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૦,૫૪૨ સોદાઓમાં કુલ રૂ.૧,૯૩૪.૩૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૫૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૬૪૫ અને નીચામાં રૂ.૭,૫૫૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૬ વધી રૂ.૭,૫૭૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૦.૯૦ વધી રૂ.૭૪૫.૩૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૨૬ સોદાઓમાં રૂ.૪૮.૩૧ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓગસ્ટ વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૯,૯૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૯,૯૦૦ અને નીચામાં રૂ.૪૯,૦૦૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬૦ ઘટી રૂ.૪૯,૦૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧ વધી રૂ.૯૬૩.૮૦ થયો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૧૫.૭૪ કરોડનાં ૪,૦૮૮.૩૮૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૬૬૨.૪૨ કરોડનાં ૪૭૨.૪૩૫ ટનના વેપાર થયા હતા.

એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૧૧.૭૭ કરોડનાં ૧૦,૬૮,૪૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૧૨૩ કરોડનાં ૧૫૧૬૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો.

# ધીરજ ધર્મ મિત્ર અને નારીની પરીક્ષા દુઃખના સમયે થાય છે.



ધીરજ ધર્મ મિત્ર અરૂ નારી,આપદ કાલ પરખિએ ચારી..રામાયણમાં આ ચોપાઈના માધ્યમથી સંસારને સમજાવ્યું છે કે ધીરજ ધર્મ મિત્ર અને નારીની પરીક્ષા વિપત્તિના સમયે થાય છે કે કોન કેવી રીતે પોતાની ફરજ નિભાવે છે,સુખમાં તો તમામ સાથ આપે છે, જે દુઃખમાં સાથ આપે એ જ આપણો સાચો હિતૈષી છે. કળિયુગમાં થોડું દુઃખ પહાડ જેવું લાગે છે તેથી મનુષ્યોનો ધર્મ અને ધીરજનો સાથ છુટી જાય છે તેથી ખરાબ સમયની શરૂઆત થાય છે.આવા દુઃખના સમયે મિત્ર અને પત્નીનો સાથ મળે તો તે બચી શકે છે.

દુઃખ કે વિપત્તિના સમયે ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં રિશ્વત,બેઈમાની,દુરાચાર, વ્યભિચાર જેવા અધર્મના માર્ગનું અનુસરણ ન કરવું જોઈએ.અધાર્મિક અને નૈતિક પતનના રસ્તે ના જવું જોઈએ.અમારી ધીરજ જ અમોને સમાજમાં માન-સન્માન અપાવી શકે છે.જીવનમાં કોઈ વિપરીત પરિસ્થિતિ આવે તો ધીરજ ધારણ કરીને યોગ્ય નિર્ણય લેવો જોઈએ,ગુસ્સામાં આવીને અન્ય લોકો ઉપર દોષારોપણ ન કરવું જોઈએ.

ધીરજ-સંયમને સમદષ્ટિ સંતોનાં આભૂષણ છે અને શૃંગાર હરિના જનનો હરિ ઈચ્છામાં જીવન છે. જેવી રીતે ધીરજ ગુમાવીને છોડને વારંવાર ઉપાડી નાખવાથી તેનો વિકાસ થતો નથી તેવી જ રીતે ભક્તિમાં ધીરજ ના રાખવાથી વિકાસ રૂંધાય છે.ધીરજ અને સંતોષની અવસ્થા ધારણ કરનારના જીવનમાં આનંદ પ્રાપ્ત થાય છે.સુખ વ્યક્તિના અહંકારની અને દુઃખ વ્યક્તિની ધીરજની પરીક્ષા લે છે આ બંન્ને પરીક્ષામાં પાસ થનાર વ્યક્તિનું જીવન સફળ કહેવાય છે.

સત્ય એ જ સૌથી મોટો ધર્મ છે અને અસત્ય એ જ સૌથી મોટુ પાપ છે એટલે મન વચન અને કર્મથી હંમેશાં સત્ય વ્યવહાર કરવો જોઈએ.ધૈર્ય ક્ષમા દમ અસ્તેય શૌચ ઈન્દ્રિય નિગ્રહ બુધ્ધિ વિદ્યા સત્ય અને અક્રોધ..આ ધર્મનાં દશ લક્ષણો છે.સ્વધર્મને જાણીને તે પ્રમાણે વર્તવું તથા અહિંસા એ જ પરમધર્મ છે.

ઈશ્વર એક છે તથા એક જ ધર્મ છેઃમાનવતા..આ ધર્મનું મૂળ છેઃપ્રેમ અને નમ્રતા.સદભાવના તેનાં પુષ્પો છે.સદગુરૂ વાસ્તવિક સત્યને અભિવ્યક્ત કરે છે.પ્રત્યેક માનવને સાર્થક જીવન જીવવાની કળા શિખવાડીને તેની વૃત્તિ આધ્યાત્મિક બનાવે છે.ધર્મની ઓળખાણ માનવતા છે.માનવમાં માનવતા છે તો જ તે ધાર્મિક કહેવાય છે.અનેક પ્રકારના કર્મકાંડમાં ફસાયેલો માનવ કર્મકાંડોને જ ધર્મ માને છે પરંતુ તેનામાં માનવતાના ગુણ નથી તો તે ધાર્મિક કહેવાતો નથી.ધર્મનું કામ જોડવાનું છે તોડવાનું નહી..આ ફક્ત સૂત્ર નથી પરંતુ વર્તમાન સમયની આવશ્યકતા છે.

મિત્ર અમોને તમામ પ્રકારની મુશ્કેલીમાંથી બહાર કાઢે છે.મિત્ર સુખી અને ખુશીઓથી ભરેલ અમૂલ્ય જીવન જીવવાની પ્રેરણા આપે છે.આપત્તિના સમયે જે સહયોગ કરે છે તે જ સાચો મિત્ર કહેવાય છે. રામાયણમાં ભગવાનશ્રી રામે કહ્યું છે કે અમારે મિત્રોના નાના દુઃખને પહાડ સમાન સમજવું જોઈએ.

નારી..શક્તિની જનેતા છે.નારી એક માઁ હોવાના કારણે સર્વશ્રેષ્ઠ અને પૂજનીય છે.સંસારનો મોટામાં મોટો મહાપુરૂષ ભલે તે યોદ્ધો હોય કે દાનવીર,રાજા હોય કે દરવેશ, સંત હોય કે ગુરૂ..માતાની સામે નતમસ્તક થાય છે.આ ઉંચી પદવીનો અધિકાર નારીને એટલા માટે માટે મળ્યો છે કારણ કે તેનામાં મમતા,સહનશીલતા અને બલિદાન જેવા મહાન ગુણો સર્જનહારે તેને સંસારમાં વહેંચવા માટે આપ્યા છે. સ્નેહ શીલ સદાચાર,ધનથી રહીત,કામી, આંધળો લૂલો રોગી દેવાદાર દરિદ્ર અને મુરખ પતિ હોય તો પણ તે નારીના માટે પૂજ્ય દેવતા સમાન છે પરંતુ મનના ભાવોથી વિપરીત ચાલનારી નારી મળી જાય તો તે સ્થાઈ ઉપાધિ જ સમજી લેવી.

પોતાના સામાજીક વ્યવહાર અને સેવા-સત્કારની સાથે સાથે પોતાનો પતિ પોતાનાથી સંતુષ્ટ હોવો જોઈએ.ભગવાનની કૃપા તે જ નારીઓને પ્રાપ્ત થાય છે કે જે યોગ્ય મર્યાદાનું પાલન કરતાં કરતાં પોતાના પતિને પ્રસન્ન કરે છે.નારી પૂર્ણ રીતે પતિવ્રતા તથા આદર્શ માઁ હોવી જોઈએ.

એવું કહેવામાં આવે છે કે પત્ની જો સારી હોય તો પતિને સફળતાના શિખર સુધી પહોંચાડે છે અને તેનાથી ઉલ્ટું પત્ની ખરાબ મળે તો પતિ રાજા હોય તો ભિખારી જેવું જીવન જીવવા મજબૂર કરે છે એટલે વિપરીત પરિસ્થિતિમાં પણ જે પત્ની પોતાના પતિ પગલે પગલે ચાલે છે,પતિનું મનોબળ તૂટવા દેતી નથી.ગરીબીના સમયમાં પણ જે સાથ આપે છે તેવી પત્ની પૂજનીય છે.

વિનોદભાઈ માછી
નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# સમગ્ર ભારતમાં નિઃશુલ્ક પશુ સારવાર ક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતી અને જીવદયા ક્ષેત્રે ભારત સરકાર દ્વારા સર્વશ્રેષ્ઠ સંસ્થાનો એવોર્ડ મેળવનાર સંસ્થા કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ -એનીમલ હેલ્પલાઈન

રાજકોટમાં છેલ્લા ૧૮ વર્ષથી સેવારત એનીમલ હેલ્પલાઈનને પવિત્ર પર્યુષણ પર્વ નિમિતે અનુદાન આપવા અપીલ કરવામાં આવી છે. એનીમલ હેલ્પલાઈન રસ્તે રઝળતા, નીરાધાર, બિમાર પશુઓ, રેલવે ટ્રેકમાં ઘવાયેલી ગાયો, રોડ અકસ્માતમાં ઘવાયેલા નાનામોટા પશુ-પંખીઓને વિનામૂલ્યે ઓપરેશન સહિતની સારવાર આપવામાં આવે છે. છેલ્લા ૧૮ વર્ષથી કરુણા ફાઉન્ડેશન દ્વારા મૂંગા, બિનવારસી પશુ-પક્ષીઓની વિનામૂલ્યે સારવાર કરતું 'મોબાઈલ પશુ ચિકિત્સાલય', 'એનિમલ હેલ્પલાઈન અને વેટરનરી હોસ્પિટલ' સ્વરૂપે સેવારત કરાયું છે. અત્યાર સુધીમાં ૬,૫૦,૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની સ્થળ ઉપર જ વિનામૂલ્યે, નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દ્વારા, ૧૦ (દસ) એમ્બ્યુલન્સ તેમજ બે બાઈક એમ્બયુલન્સ થકી ઓપરેશન સહિતની સારવાર થઈ છે, થતી રહે છે. દર માસે લગભગ ૯૦૦૦ જેટલા બિનવારસી પશુ-પક્ષીઓની નિષ્ણાંત પશુચિકીત્સકોની ટીમ દ્વારા, સ્થળ પર જ, વિનામૂલ્યે તેઓ સાજા થાય ત્યાં સુધીની સઘન સારવાર કરવામાં આવે છે. બીમાર અને અશક્ત, અકસ્માતથી ઘવાયેલ પશુ-પક્ષીઓને ગૌશાળા/પાંજરાપોળ/સંસ્થાની જ નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલમાં દાખલ કરવા માટેની વ્યવસ્થા કરવામાં આવે છે. કુતરીઓનાં ૫૯૦ જેટલા સીઝરીયન ઓપરેશન, ૬૭૦થી વધારે ગૌ માતાનાં હોર્ન કેન્સરના (શીંગડાનું કેન્સર) ઓપરેશન કરવામાં આવ્યા છે. આસ-પાસના ગ્રામ્ય વિસ્તારો તેમજ ગૌશાળામા ૨૬૦ જેટલા પશુ રોગ નિદાન-સારવાર કેમ્પ કરવામાં આવ્યા છે.

ઉપરાંત, ભારતનો સર્વ પ્રથમ એવો "પશુ—પક્ષીઓના અંધત્વ નિવારણ માટેનો કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતુ, સતત કરવામાં આવે છે. ગૌશાળાઓમાં વૃક્ષારોપણ અભિયાન, અવેડા તેમજ ચબુતરા બનાવવા— ટ્રેવીસ તેમજ અન્ય સાધન સામગ્રી ફીટ કરાવવી સહીતની પ્રવૃત્તિઓ સતત થતી રહે છે. સૌરાષ્ટ્રના સૌપ્રથમ એવા શ્વાન તથા બિલાડીઓના માટેનાં "દંત ચિકિત્સા કેમ્પ", "ચર્મ ચિકિત્સા કેમ્પ, "નેત્ર ચિકિત્સા કેમ્પ×નું આયોજન કરવામાં આવ્યું હતુ. કતલખાને જતા ગૌવંશ, ગૌમાતા, મરઘા,પક્ષીઓ વિ. ને બચાવવામાં ટ્રસ્ટ આવી પ્રવૃતિઓ કરતી સંસ્થાઓને મદદ રૂપ થાય છે. અનેકવાર માછીમારીની જાળ પકડીને લાખો માછલીઓને બચાવાઈ છે.સમગ્ર ભારતમાં, ૧૮ વર્ષમા અંદાજે ૨૦,૦૦,૦૦૦ ચકલીના માળા, પક્ષીના પાણી પીવાના કુંડાનુ નિઃશુલ્ક વિતરણ કરાયુ છે. ગૌમાતાની પાણી પીવાની કુંડી સંસ્થા દ્વારા નિઃશુલ્ક આપવામાં આવે છે. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ પણ ચલાવવામાં આવે છે. જુની શ્રી ગૌશાળા(ગોંડલ રોડ, તુલીપ પાર્ટી પ્લોટ પાછળ, વાવડી, રાજકોટ) ખાતે તેમજ શેણી મેમોરિયલ ટ્રસ્ટ, ન્યુ શ્રેયસ સ્કૂલ સામે, શેઠનગરની બાજુમાં, પ્રિન્સેસ સ્કૂલનાં ગ્રાઉન્ડની પાછળ, નાગેશ્વર તીર્થ સામે, માધાપર ચોકડી પછી, એફ.સી.આઈ. ગોડાઉન રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે સંસ્થાની નિઃશુલ્ક વેટરનરી હોસ્પિટલ અને શેલ્ટર (પાંજરાપોળ) માં અંદાજે ૧૨૦૦ જેટલા બીમાર, અશક્ત,ઘવાયેલા પશુ-પક્ષીઓને આશ્રય, સારવાર સતત, દરરોજ મળે છે. આ હોસ્પિટલમાં ઓપીડી રૂમ, ઓપરેશન થીયેટર, સ્ટાફ ક્વાટર્સ, બર્ડ હાઉસ, ગૌશાળા, ચબુતરો, અવેડો સહિતની અનેક સુવીધાઓ ઉપલબ્ધ છે. આ હોસ્પિટલમાં ઓપરેશન સહિતની તમામ સુવીધાઓ નિઃશુલ્ક આપવામાં આવે છે.સમગ્ર સૌરાષ્ટ્રની ગૌશાળા-પાંજરાપોળોને આ નિઃશુલ્ક સુવિધાનો લાભ મળે છે. કોરાનાનાં ૩ મહિનાનાં લોકડાઉનનાં સમયગાળા દરમ્યાન દોઢ કરોડ રૂપીયાનાં માતબર ખર્ચે અને ૯ કંટ્રોલ રૂમો દ્વારા રાજકોટ અને આસપાસનાં ૪૦ કિ.મી. નાં વિસ્તારમાં અબોલ જીવોને ખોરાક, પાણી, સારવાર પહોંચાડવામાં સંસ્થા નિમીત બની હતી. દુષ્કાળ સમયે ૭ કેટલ કેમ્પોનાં માધ્યમથી ૬૦૦૦ જેટલી ગૌમાતા,ગૌવંશનાં નીભાવમાં સંસ્થાનાં અગ્રણીઓ નીમીત બન્યા હતા. ગૌમાતામાં વ્યાપ્ત લમ્પી રોગની ૨૦,૦૦૦ જેટલી ગૌમાતાઓને સમગ્ર ગુજરાત તથા રાજસ્થાનમાં લમ્પી રોગથી બચાવવા રસીકરણ કરાયું અને સારવાર અપાઈ છે. સંસ્થા દ્વારા વિશ્વનું સૌપ્રથમ એવું પશી-પક્ષીઓ માટેનું રોજીંદુ "હરતુ ફરતુ અન્નક્ષેત્ર× ચલાવવામાં આવે છે. જેમાં શહેરમાં વિવિધ સ્થળોએ, વિવિધ ચબૂતરાઓમાં પક્ષીઓને ઋતુ અનુસાર ૩૦૦ કિ.ગ્રા. ચણ દરરોજ આપવામાં આવે છે. ૧૫ જેટલા વિસ્તારોમાં રોજ ૧૬૦ લીટર દુધ અને ૭૦ કિલો લોટની રોટલીનું ભોજન, ૭૦૦ થી વધુ શ્વાનોને પીરસવામાં આવે છે.

# આણંદના રેલ ગામે લગ્ન નોંધણીની રેલ આવી!!!

"ગિરધરભાઈ. ગોર મહારાજનું કામ શું?" રાજુ રદીએ મને સવાલ પૂછ્યો. મને લાગ્યું કે રાજુનું ચોકઠું ક્યાંક ગોઠવાઈ ગયું લાગે છે. કોઈ ગોરે અતિવ્યસ્ત હોવાના લીધે બીજા ગોર પાસે લગ્ન કરાવવા કહ્યું હશે અને એણે પણ ના પાડી હશે!! આવા ગોર વિડિયો કોન્ફરન્સથી લગ્ન કરાવી શકે!

" રાજુ ગોર મહારાજ લગ્ન કરવા ઈચ્છતા થનગનભૂષણો અને થવગવભૂષણીઓને સ્નેહની ગાંઠે સ્વૈચ્છિક રીતે પૂરા હોંશોહવાસમાં , બિનકેફી અવસ્થામાં લગ્ન કરાવી શકે. ગોર મહારાજનું કામ આ છે. પેલી કહેવત છે ને કે વર મરો.કન્યા મરો .પણ ગોરનું તરભાણું ભરો! ગોર ફેરા ફેરવી દે ઘર ચલાવી ન દે." મેં રાજુની આશા જીવંત રાખી.

ગામમાં લગ્નવાડી છે કે નહીં , રસોઈયા છે કે નહીં, પિરસણીયા છે કે નહીં, વરઘોડિયા આ ગામના છે કે બીજા ગામના વગેરે જોવાનું હોય?"રાજુએ ઓવરના તમામ બોલ બાઉન્સર ફેંક્યા!

" રાજુ. ઘોડો કદી ઘાસ સાથે દોસ્તી કરે ખરો? ઘોડો ઘાસ સાથે દોસ્તી કરે તો ખાય શું? કંકોડા કે કંટોલા? ગોર મહારાજે આ જમેલામા પડવાનું થોડું હોય? આ બધા માટે કન્યા કે વરના બારે વિચારવાનું હોય! ગોર પાસે આવેલો કદી નિરાશ થઈને ન જાય. વરસો પહેલાં? આખું વરસ સિંહસ્થ હતું, સિંહસ્થ વરસમાં એક પણ લગ્ન ન થાય. ગોરનહારાજાઓએ ગ્રહોને કોણીએ ગોળ ચોપડી કે ગાજર લટકાવી વિક્રમજનક રેકોર્ડબ્રેક લગ્ન કરાવી ગરીબી રેખામાંથી છલાંગ મારીને ગૌરવવંતી અમીરી રેખા હેઠળ ધામધૂમથી પહોંચ્યા હતા!!" મેં રાજુને માહિતીનો થાળ પીરસ્યો

આવું જ કાંઈક મૌલવી સાહેબો અને પાદરી સાહેબોના કિસ્સામાં બન્યું હશે. લગ્નવિચ્છેદ કરાવનાર માત્ર અને માત્ર દક્ષિણા કે દરમાયાની ચિંતા કરે. તેના પર જીએસટી - ફિએસટી લાગશે કે કેમ તેની ચિંતા કરે!!

ગોરમહારાજ, મોલવી સાહેબો, પાદરી સાહેબ ગામની વસ્તી કરતાં વધારે લગ્ન કરાવીને વસ્તીવૃધ્ધિના સૂચિત વધારા માટે મોટીવેશનલ ફોર્સ બને તો તેને સન્માનિત કરવાના હોય કે હડધૂત કરવાના હોય? એમને તો લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડથી સન્માનિત કરવાના હોય!!!

લગ્ના જોડા ( કજોડા) ઉપરથી એટલે કે ભગવાન કક્ષાઓથી નક્કી કરવામાં આવે છે. પૃથ્વી પર તો રસમ અદા કરવાની હોય છે. તમને લગ્નનો લકકડિયા લાજું ખાવામાં રસ હોય. તેલ પીવા ગઈ તમારી સૂચનાનો !!!

હમણા હમણા આણંદના નાપાડ વાંટા ગામે બે દિવસ પહેલા યોજાયેલા લગ્નમાં વરરાજાના તુંડમિજાજનો પરચો જોવા મળ્યો હતો.

બીએમડબલ્યુ કાર લઈને લગ્ન કરવા આવેલા વરરાજાએ તમામ વિધિ પૂર્ણ થયા બાદ કન્યા વિદાય સમયે મંડપ સુધી કાર આવે તેવો હઠાગ્રહ કર્યો હતો. જોકે, વિદાય સમયે મંડપે જવાનો રસ્તો સાંકડો કે ઉબળખાબળ હોવાથી વરરાજાની કાર પહોંચી શકે તેમ ન હોવાનું ડ્રાઈવરે મત વ્યક્ત કર્યો હતો.

જેને લઈ સ્થાનિકો અને વરપક્ષ વચ્ચે ગજગ્રાહ થયો હતો.જેમાં વરરાજાનો અહમ ઘવાવાથી તે નવવધૂને લીધા વિના જ જાન લઈ પરત ફર્યો છે. આ કારણે કન્યાની વિદાઈની પરંપરા અટકી છે. આ ઘટના પંથકમાં ભારે ચર્ચાસ્પદ બની હતી.

આણંદ જિલ્લાના કેટલાક ગામોમાં લગ્નવાડી , મંદિર વગેરેની સગવડ નથી છતાં કૂદકે ને ભૂસ્કે વધતી મોંઘવારીની જેમ લગ્ન નોંધણીની સંખ્યાનો ગ્રાફ પેટ્રોલના ભાવની જેમ અપ થઈ રહ્યો છે. એક ગામમાં સોની વસ્તી હોય તો વસ્તીના પંદર - વીસ ટકા યુવાનો લગ્નને લાયક હોય. એમાંથી છોકરાઓના લગ્ન અન્ય ગામમાં થાય તો લગ્નની નોંધણી જે તે સ્થળે થાય. પરંતુ આણંદ જીલ્લાના રેલ ગામે લગ્નની રેલમછેલ થઈ ગઈ. ૮૦૦ ની વસ્તી સામે અધધધ ૧૨૯૦ લગ્નોની નોંધણી થઈ. બાર હાથનું ચીભડું ને તેર હાથનું બી જેવો ઘાટ થયો!!બેનંબરી કમાણી કરનાર માટે મની લોન્ડરિંગ કરવા ટેકસ હેવન દેશો પ્રથમ પસંદ હોય છે તેમ વિદેશી, રાજસ્થાની વગેરે યુગલો માટે લગ્ન કરવા રેલ ગામ મેરેજ હેવન બની ગયું છે.તમે માંગો તેવા બોગસ દસ્તાવેજો ઉભા કરી કુર્યાત સદા મંગલમ્ કરવામાં આવે છે. આવા હાલ જ લસુન્દ્રા ગામના છે. જયાં દસ હજારની વ્યકિતએ પાંચસો લગ્નો નોંધાયા છે!!

લગ્ન જેવું પવિત્ર કામ જેના કરકમળો મારફત નિર્વિઘ્ન સંપન્ન થયું એ રાજમાન રાજેશ્રી, કર્મ ધુરંધર સ્વનામધન્ય અને પ્રાંતઃ સ્મરણીય પુણ્યશ્લોક મહાનુભાવનું યથોચિત સન્માન કરવાની જગ્યાએ ફરજ મોકૂફ કરવા જેવું કુઠુરાઘાતી, નિર્મમ, જઘન્ય અને સદોષ આપરાધિક કૃત્ય કરવામાં આવેલ છે. તેને જડમૂળથી વખોડી કાઢવામા્ આવે છે!! આવા નખશીખ પોઝીટીવ બાબુની પુનઃ બહાલી કરવા માટે સખત અનુરોધ કરવામાં આવે છે.અન્યથા તમામ ગામોમાં વ્યાપમ્ જેવું લગ્ન નોંધણી અભિયાન હાથ ધરવામાં આવે છે!!

વી વોન્ટ જસ્ટિસ! હમ સે જો ટકરાયેગા મિટીમેં મિલ જાયેંગા. તલાટી સાહેબ તુમ આગે બઢો, હમ તુમ્હારે સાથ( જેલ સિવાય હોં કે !!!) હૈ. ઈક્લાબ ઝિંદાબાદ!!!

ભરત વૈષ્ણવ
૨૫.૮.૨૦૨૨.

-----------------

## મળે છે

એ અફવાને ચોક્કસ
બળ મળે છે,
જેને તેને કેવળને કેવળ
છળ મળે છે.
નવી નવાઈની વાત એ
પણ હશે કે,
મૃગજળ માંગનારને તો
જળ મળે છે.
જેણે જેણે વરસાદ
ચાહ્યો દિલથી,
તેને પેકજડ શુધ્ધ
અશ્રુજળ મળે છે
તમે પ્રેમમાં વફાદારીના
ઈચ્છા રાખો,
બદલામાં બેવફાઈના
વમળ મળે છે.
કાદવ જોઈ નાકનું
ફોયણું ફુલાવો છો,
ભલાદમી એ કાદવમાં
કમળ મળે છે!!

ભરત વૈષ્ણવ
૨૫.૮.૨૦૨૧.ઈ
કવિતા



# ન્યૂઝ ઑફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG NO. S.S.0059.
વિષય:અવાજ-પડછાયો.
પ્રકાર:ગદ્ય- લેખ.
શીર્ષક: અદ્ભુત વહેમ !
શબ્દો: ૨૭૫.
જયકાન્ત ઘેલાણી 'પ્યારે'

વિશ્ર્વનું સનાતન સત્ય એ છે કે
અવાજને ,પડછાયો નથી અને
પડછાયાને,અવાજ નથી,
છતાં કોઈ સંજોગો અનુસાર, માનવીના
મનમાં, ફક્ત કલ્પિત -આભાસે,બન્નેનું સંયોજન
થાય ત્યારે, ઘણી મોટી હોનારત સર્જવાની ક્ષમતા
પ્રાપ્ત કરે છે,
અને તે વહેમ, ડરને કહેછે,
ભૂત ! પલીત !
આ ભૂત- પલીતે,અનેક જીવોની જીંદગી
લીધીછે અથવા બગાડીછે.
આ છે અવાજ અને પડછાયાનું અકળ તથા
અદ્ભુત સામર્થ્ય!
ચાલો,કલ્પના થી પણ એક ડગલું આગળ
એવી, સત્ય ઘટનાની વાર્તા માણીએ.
નામકરણનાં દિવસે ફૈબાએ,
ભત્રીજાનું નામ રાશિ પ્રમાણે નહીં પાડતાં,
એનો ખડતલ બાંધો જોઈ
નામ રાખ્યું 'પહેલવાન'.
પહેલવાનની બુધ્ધિ પણ તીવ્ર! જોતજોતામાં
ગામની શાળાનું શિક્ષણ પૂર્ણ કરીને શહેરની
નામાંકિત કોલેજમા એડમિશન લીધું. હોસ્ટેલમાં રૂમ
નંબર તેર તેને ફાળવવામાં આવી.
રૂમ પાર્ટનરનું નામ હતું, શૌર્ય. કેવો
ગજબનો સંયોગ!
પહેલવાન માટે તો એજ મા-બાપ તથા બંધુ-
સખા.
પહેલવાનનુ શરીર સૌષ્ઠવ જોઈને કોલેજનાં
સીનિયર વિદ્યાર્થીઓએ 'રેગીંગ'નો પ્લાન આ વર્ષે
મોકૂફ રાખ્યો.
આ છે શારીરિક તાકાતનો પરચો !

ગેટ ટુ ગેધર ફંકશનમાં નવાં જૂનાનાં સંબંધો
બંધાયા.
બે વર્ષ પહેલાં રૂમ નં.તેરમાં ભૂતના ભયે રાજુ
કોલેજ છોડી જતો રહ્યાની વાત પહેલવાનનાં કાને
આવી.
એક દિવસનુ કહી શૌર્ય ત્રણ દિવસ ન આવ્યો
. તે દરમિયાન એક મેઘલી - અંધારી રાતે
પહેલવાને , એક પડછાયો જોયો અને ભયની
ભયકંર ચીસ સાભંળતા જ પહેલવાન પણ ભૂતના
ભયે ભરમાયો,
ફરી એક હોનહાર વિદ્યાર્થીનું જીવન અવાજ
અને પડછાયાની લપેટમાં સપડાયું.
મા-બાપે,પૂત્રને કોલેજનુ શિક્ષણ છોડાવી
મામુલી નોકરીએ,ગામમા
લગાડયો !
પયારે,આ વહેમના ડરને કાઢવા,
અવાજ અને પડછાયાની માયાજાળને તોડવાં
હવે
જન- જાગૃતિ અભિયાનનો પ્રસાર, પ્રચાર
કરવો એ પ્રત્યેક નાગરિકનું કર્તવ્ય છે.

'જે ડર્યા તે મર્યા' નો નારો હવે
વધુ બૂલંદ કરવો જરૂરી બનેછે.

-----------------------------------

NOG SS No : 0112
પ્રકાર : પદ્ય
વિષય : પડછાયો
શીર્ષક : બનજો કોઈનો પડછાયો,,
એક સાચો સાથી સૌનો, જીવન પર્યન્ત
પડછાયો,
સાથ કદી છોડે નહિ જે , એ એક માત્ર
પડછાયો.
સુખ તણા સાથી છે દુઃખ માં પણ સાથે
પડછાયો,
જીવનના તડકા છાંયા માં, સદાય સાથે
પડછાયો.
રંગ બદલતો રહે માનવ, રંગ ન બદલે
પડછાયો,
એક રંગ, એક સંગ, એવો સાથ આપે
પડછાયો.
શીખ આપી જાય નિર્જીવ, સૌ માનવીને
પડછાયો,
સમય સારો હોય, 'રાજ 'બનજો કોઈનો
પડછાયો.
રચના,,,,,
રાજેશભાઈ એસ વ્યાસ ' રાજ '
ધ્રુવનગર,,,,, મોરબી

-----------------------------------

NOG SS NO: 0081
પ્રકાર : પદ્ય
વિષય: પડછાયો
શીર્ષક: મુસાફરોની જિજીવિષા!
શબ્દો : ૧૪૫
પડછાયો બદનામ ,કારણ? એનો એક જ?
રંગ,
વગોવાયો? એ તેથી,પણ નિષ્ઠા એની
અંતરંગ.
સાથ ન છોડે? કદી, રહે નિશદિન સંગ સંગ,
થાય ભલે લાંબો ટૂંકો, રહે અણનમ,અવિરત.
બાળ ડરે પડછાયાથી,પણ મન બહેલાવે ભીંત
પર જોઈ,
શ્વાન ,બકરી કે સસલાંને નાચતાં,અંગુલિના
નર્તન થકી.
એકલવાયાને આપે દિલાસો, પડછાયો સાથી
બની,
એક જ સાચો સંગી સમજી,વાત થાય ઘણી
બધી.
સંતતિ સહુ ચાહે પડછાયા જેવી,બને સ્વની
પ્રતિકૃતિ,
પતિ ચાહે ભાર્યા એવી ,પડછાયા સમ સંગે
વિચરતી.
ગુરુ ચાહે શિષ્ય એવો,અદ્દલ? એનાં
પડછાયા જેવો,
માલિક ચાહે દાસ એવો,વણબોલે બધું
સમજે? એવો.
પડછાયો તો સૂરજની દેણ, નહીં તો એની
હસ્તી નામશેષ,
સૂરજ જ એને વશમાં કરે ,એ ચાહે તો
વાદળથી ભૂંસે.

પડછાયાનું ઉમદા પ્રતીક તરુવર,સૂરજને
પી જાતાં,
એમનો શીતળ પડછાયો, મુસાફરોની
જિજીવિષા.
ઉજાસનાં પ્રતીક બનવા, પ્રખર તાપ તો
ઝેલવો? પડશે,
જો ગતિ પ્રકાશ ભણી કરશો,પડછાયો
પાછળ રહી જાશે!
ઈશ્ર માયા દેસાઈ
મુંબઈ ભારત.

-----------------------------------

NOG SS/0044
વિષય:- અવાજ અને પડછાયો
પ્રકાર:- ગદ્ય
શીર્ષક :- બોધ
શબ્દ સંખ્યા:- ૫૭
નામ:- વિભૂતિ દેસાઈ ઘાસવાલા
બિલીમોરા.

પ્રખ્યાત સંત મહાત્મા કથા દરમ્યાન બોધ આપતા હતા, × ટેલિવિઝન જોવાથી આંખ અને મગજ બંને ખરાબ? થાય, સ્ત્રીઓનાં અંગ પ્રદર્શન કરતી ?સિરયલો અને જાહેરાતોને કારણે સ્વભાવમાં વિકૃતિ આવે.માટે જ બાળકોને તો દૂર જ રાખવા.×બધા પાસે ટેલિવિઝનથી દૂર રહેવાની પ્રતિજ્ઞા લેવડાવી.

રાત્રે વાળું કર્યા બાદ આ સંત મહાત્માના શયનકક્ષમાંથી ટેલિવિઝનમાં આવતી અશ્લિલ ફિલ્મનો અવાજ સંભળાતો હતો.

શ્રવિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

## મહિલા દિને સમર્પિત
# એક અજાણી નારી

બ્રહ્માંડ ની ઉત્પત્તિ થીં લઈ ને આજ દિન પર્યંત સુધી ની અદ્ય ક્ષણ પર્યંત વણ ઉકેલાયેલ પ્રશ્ન હોય તો ઈ એક અજાણી નારી છે.

આદિ અનાદિકાળથી પુરાણોક્ત ઉલ્લેખ મુજબ વિચાર કરો તો ખ્યાલ આવશે કે બ્રહ્મા, વિષ્ણુ,મહેશ જેવી દેવી વિભૂતિ પણ આ પ્રશ્ન નો ક્યાસ નથી કાઢી શકી યા તો એમ કહો કે એની જ બનાવેલી મોહમયી માયાવી આવરણ ની પેલે પાર બૌધિક પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવતા મનુષ્ય ની મતિ તાગ નથી મેળવી શકી કે શું છે આ ' અજાણી નારી '

હવે વાસ્તવિકતા ઉપર નજર કરીએ તો કોઈપણ જીવનો પૃથ્વી ઉપર અવતરવું ઈ એક જૈવિક વિજ્ઞાનના નિયમ આધારિત હોય છે અથવા એમ કહો કે કર્તાહર્તા અદ્દશ્ય માન છતાં શક્તિશાળી પરમ પરમેશ્વર નાં હુકમ અનુરૂપ અવતાર ધારણ કરે છે. આ થઈ કોઈપણ જીવ નાં અવતરણ ની વાત કિન્તુ મનુષ્ય યોનીમાં અવતરવું એ એક ઘણાં જન્મોજન્મ નાં પૂણ્ય કર્મ નાં સંયુક્ત સંયોગ થીં પ્રાપ્ત થતી એક ધારણાં કે અવહેલના છે એમ કહી શકાય. એમાં નારી સ્વરૂપે યોગસંયોગ થીં પૃથ્વી ઉપર જન્મ મળે છે ત્યારે કોઈ જગ્યાએ લક્ષ્મી જી પધાર્યા લાવો બરફી પેંડા અને એજ નારી જન્મ ની વાત કાને પડતાં જ સાંભળનાર નાં ડોળા ચકળવકળ થઈ જતાં હોય છે અને અચાનકજ એક ઉદગાર! કે નિઃસાસો નીકળી પડે છે અરેરે! દિકરી આવી? ભગવાને દિકરો



આપ્યો હોત તો કેવું સારું થાત?!!!

એ જ નારી નું બાળપણ તો આંખ નાં પલકારામાં વિતી જાય પરંતુ યુવાવસ્થામાં પગ મૂક્યા પછી જ એની ખરી જીવનયાત્રા શરૂ થતી હોય છે.સારીસારી જગ્યાએ થીં માંગા આવે એમાંથી કોઈ જગ્યાએ પોતે ઠુકરાવી દ્યે , કોઈ જગ્યાએ સામે પક્ષેથી ઠુકરાવી દ્યે એવું થાય પણ છેવટે તો વિધિ નાં લેખ કામ કરી જાય અને કોઈ જગ્યાએ એનો ઘરસંસાર મંડાય પછી નો જે એનો રૉલ છે એમાં એની પોતાની જીવનશૈલી જ બદલાઈ જાય. એક અજાણ્યા છતાં બન્ને પક્ષે જાણીતા બનવા માંગતા પાત્ર સાથે ઘરગૃહસ્થી શરૂ થાય કેટકેટલાય રૉલ માંથી પસાર થાય દિકરી મટી પત્ની થાય , પત્ની બન્યા પછી જેઠાણી, દેરાણી,કાકી,માસી ,ફોઈ , નણંદ અને મુખ્ય ભૂમિકા ' મા ' થીં એની એક આગવી ઓળખ ઉભી થાય , આમાં અમૂક સંબોધન જન્મતાં જ મળે અને ઘરસંસાર માંડ્યા પછી મળે પણ મુખ્ય વિષય એ છે આટ આટલા રૉલ ભજવ્યાં પછી પણ એ રહી એક × અજાણી નારી ×

એમાંય જો કર્મ સંયોગ થીં સારૂં ઘર પરિવાર કે મોભાદાર કુટુંબ મળે તો જીવનમાં તકલીફ ઓછી પડતી હોય છે પરંતુ કોઈ લુચ્ચા, લફંગા, ધુતારા કે ગુન્ડા-મવાલી જોડે પાનાં પડે ત્યારે પરિસ્થિતિ વધારે વિકટ થતી હોય છે.શારિરીક કે શૈક્ષણિક ક્ષમતા હોય તો ઈ કોઈપણ પરિસ્થિતિનો સામનો કરી શકે છે પણ આ બન્ને માંથી એની પાસે કંઈ ના હોય ત્યારે ઈ નિઃસહાય બની જીવનનૈયા હંકારતી હોય છે × કાલ સવારે પાર આવશે × એક લુખ્ખો અને નિરર્થક વિશ્વાસ! અને ત્યાં સુધી કે ઘણીવાર સુશીલ હોય , ગુણીયલ હોય પણ શૈક્ષણિક અભાવથી એણે વેશ્યાવૃત્તિ કે ગણિકા ની ભૂમિકા ભજવતી આપણે જોઈએ છીએ એ પણ ફક્ત નેં ફક્ત જીવન ટકાવી રાખવા માટે જ તો!!!? આ બધું વર્ષોના વર્ષોથી ચાલી આવતી એક પરંપરા છે એનું અસ્તિત્વ જ જાણે સમર્પણ ની સીમારેખા સાથે જન્મ લ્યે છે અને છતાં ઈ એક 'અજાણી નારી '

હકીકતમાં નારી થકી જ પુરુષ નું અસ્તિત્વ છે જો જન્મદાત્રી નું અસ્તિત્વ જ ના હોત તો પુરુષ નું જન્મવું શક્ય જ નથી માટે જ ' નારી તું અજાણી નારી'નહીં પણ 'નારી તું જ નારાયણી ' એવું સમાજે સ્વીકારવું જોઈએ

ધર્મેન્દ્ર એમ. ઓઝા
(મુંબઈ)

# યુવાન ભારત - વિશ્વફલક પર એક યુવા રાષ્ટ્ર

## યુવા!!!!

આ શબ્દ સાંભળીને કંઈક રોમાંચ અનુભવી જવાય છે. ભારત દેશ યુવાઓનો દેશ છે અને જે દેશનો યુવાન સક્ષમ હોય એ દેશ હંમેશા પ્રગતિશીલ જ રહે છે.

યુવાનીને ઉંમર સાથે કઈ લેવાદેવા જ નથી. યુવાન એટલે શું??? જે કાર્યક્ષમ હોય, મહેનતુ હોય, સાહસિક હોય , સહનશીલ અને કર્મશીલ હોય, પોતાના રાષ્ટ્ર અને ધર્મ માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર હોય અને પોતાની ફરજોને નિપુણતાથી નિભાવી જાણતો હોય તેને યુવાન કહેવાય છે.

મહાભારતના યુદ્ધમાં ૧૬ વર્ષનો અભિમન્યુ પણ યુવાન હતો અને ૧૮૫ વર્ષના દાદા ભીષ્મ પણ યુવાન હતા.

યુદ્ધમાં સક્રિય ભૂમિકા ભજવનાર ૭૦ વર્ષનો અર્જુન પણ યુવાન હતો અને હથિયાર ન ઉઠાવવાની પ્રતિજ્ઞા લેનારા ૬૫ વર્ષના યોગેશ્વર પણ યુવાન હતા.

જ્યારે દેશનો યુવાન જાગે છે ત્યારે દેશ પ્રગતિના પંથે આગળ ગતિ કરે છે. વિશ્વમાં ભારત જ એકમાત્ર એવો દેશ છે જ્યાં યુવાધનની સંખ્યા વધારે છે.

એક યુવાન ધારે તો સમગ્ર સંસારને પોતાનામાં આવરી શકે છે.

યુવાની એ નથી કે જે તમને લાચાર બનાવે પણ યુવાની એ છે કે જે તમને કાર્યશીલ બનાવે. સમયનો દુરુપયોગ અને તકવાદી માનસિકતા આજના યુવાનને નબળો,લાચાર અને લક્ષ્યવિહીન બનાવી રહી છે.

ભટકતું મન અને રખડતું તન એ યુવાનના વિચારો અને શરીર બંનેને બગાડે છે.

જો આજના યુવાધનને યોગ્ય માર્ગદર્શન અને રાહ મળે તો તે ધારે તે કરી શકે છે.

અને આ માર્ગદર્શન એના માતાપિતા,ગુરુ અને વડીલો તરફથી મળવું જોઈએ.

આજ દરેક માતાપિતા એના બાળકને ડોક્ટર, એન્જીનીયર કે પાયલોટ બનાવવા ઈચ્છે છે પણ એનામાં સારા સંસ્કારોનું સિંચન કરવું પણ આવશ્યક છે.

યુવાની એક એવો સમય છે જેમાં આપણે બધું જ કરી શકવા સક્ષમ છીએ. પણ જો આ યુવાની વેડફાય જાય તો આપણી સક્ષમતા નાશ પામે છે.

આજ આપણો દેશ સમગ્ર વિશ્વમાં યુવા રાષ્ટ્ર તરીકે ખ્યાતિ પામ્યો છે ત્યારે એક વિચાર એવો પણ આવે કે જો આ યુવાધન ગેરમાર્ગે દોરાય જશે તો રાષ્ટ્રનું પતન પણ થઈ શકે છે. અને જો આ યુવાધન પોતાની સમગ્ર શક્તિઓને કામે લગાડીને કર્મશીલ બનશે તો આ રાષ્ટ્રને વિશ્વફલક પર એક મહાનત્તમ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરશે.એક યુવાનમાં મર્યાદા અને આદરભાવ જેવા નૈતિક મૂલ્યો પણ હોવા જરૂરી છે.

પરંતુ આધુનિક સમય અને પાશ્ચાત્ય સંસ્કૃતિના વધતા પ્રભાવને લીધે આ મૂલ્યો ઘટતા જણાય છે જ્યારે ઉલટાનું વિદેશના લોકો ભારતીય સંસ્કૃતિને આદરપૂર્વક સ્વીકાર કરી રહ્યા છે.

હાલના સમયમાં યોગ્ય સંસ્કાર અને સમજણના અભાવ ને કારણે યુવાનો ભૌતિક સુખની પાછળ પોતાની યુવાવસ્થા જેવા અમૂલ્ય સમયને વેડફી નાખે એ ચિંતાનો વિષય છે.

એ પણ કહેવું જરૂરી કે આજ ના યુગનો દરેક યુવાન આવો નથી.

કાચી વયે દેશને આઝાદ કરાવવા માટે ફાંસીના માંચડે ચડેલ ભગતસિંહ અને પુખ્ત ઉંમરલાયક ગાંધી બાપુને પણ યુવાન જ કહેવા પડે.

ભારત જેવા વિકાસશીલ અર્થતંત્રમાં યુવાનો આજ પોતાને બેરોજગાર સમજે છે.

દરેક વ્યક્તિને ભગવાન એ કંઈક અલગ શક્તિ અને બુદ્ધિ આપી જ હોય છે કે જે તમને બીજા લોકો થી યુનિક એટલે કે અલગ બનાવે છે. દરેક એ બસ એ જ યુનિકનેસ એટલે કે પોતાની અસાધારણ ક્ષમતા અને પ્રતિભાને ઓળખવાની છે અને તેને એપ્લાય કરવાની છે.

અને જો હાલના સમયમાં આપણે આપણી યુવાની વેડફી નાખશું અને તેનો વ્યર્થ ઉપયોગ કરીશું તો આવનારી પેઢીઓ આપણને ક્યારેય માફ નહીં કરે.

-ડૉ કૌશલ એન જાદવ
રાજકોટ

# સુરત ભાજપના નેતા મહિલા નેતા સાથે સ્વીમિંગ પુલમાં મસ્તી કરતા જોવા મળ્યાં

સુરત,તા.૨૫

સુરતમાં વાયરલ થયેલી કેટલીક તસવીરોથી ઉહાપોહ મચી ગયો છે. આ તસવીરો શોકિંગ છે. ભાજપ જિલ્લા પ્રમુખના સ્વીમિંગ પુલની તસવીરો વાયરલ થઈ છે. જોકે, તસવીરો એટલા માટે ચર્ચા જગાવે એવી છે કે તેમાં એક મહિલા નેતા પણ પુલમાં ન્હાતા દેખાય છે. ભાજપ જિલ્લા પ્રમુખ સંદીપ દેસાઈ અને પૂર્વ મહિલા કોર્પોરેટરના ફોટા વાયરલ થયા જ ભાજપમાં કાનાફૂસી શરૂ થઈ ગઈ છે. બંને નેતાઓ પુલમાં એકસાથે જોવા મળ્યાંછે. ભાજપની પૂર્વ મહિલા કોર્પોરેટર કોમલ પટેલ અને સંદીપ દેસાઈની પુલમાં ન્હાતી તસવીરો લીક થઈ છે.



જમાલપુર વોર્ડ મા લઘુમતી વિસ્તાર મા મ્યુનિસિપલ.કોર્પોરેશન સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભાજપ વોર્ડ પ્રમુખ પુરુષોત્તમ ચાવડા. મંત્રી નશેમન શેખ દવારા ડસબીન વિતરણ કરવામા આવ્યુ આ કાર્યક્રમ મા મોટી સંખ્યા મા હાજર રહયા હતા

# આરોગ્ય કર્મીઓની હડતાળ ને પગલે સમગ્ર ચાણસ્મા પંથકના દર્દીઓને પડતી ભારે હાલાકી




રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર ગુજરાત રાજ્ય સહિત વિવિધ જિલ્લાઓ તેમજ વિવિધ તાલુકાઓના આરોગ્ય કર્મચારીઓ પોતાની વિવિધ માગણીઓને લઈ અચોક્કસ હડતાલ પર ઉતર્યા છે ત્યારે પંથકના ગ્રામીણ દર્દીઓમાં ભારે હાલાકી નો સામનો કરવો પડી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે

મળતી વિગતો મુજબ ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એક બાજુ એવું સૂત્ર બનાવી છે કે ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘર ઘર સુધી આરોગ્ય સેવાઓ મળી રહે તેમજ કોઈપણ ગામડાના ગરીબ ગામડાના દર્દીને કોઈ મુશ્કેલી ના પડે જે અનુસંધાને સરકાર શ્રી દ્વારા વિવિધ ગામડાઓમાં સબ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જેમાં આરોગ્ય કર્મચારીની પણ નિમણૂકો કરવામાં આવી છે ત્યારે સમગ્ર ગુજરાત રાજ્ય સહિતના આરોગ્ય કર્મચારીઓ પોતાની પડતર માગણી અનુસંધાને અ ચોક્કસ મુદતની હડતાળ પર ઉતરતા સમગ્ર ચાણસ્મા તાલુકા સહિતની પ્રજાઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહી છે અત્યારે ચાલી રહેલી ચોમાસાની ઋતુમાં વિવિધ મચ્છરજન્ય રોગો, રસીકરણ, મમતા દિવસ, તેમજ સગર્ભા માતાઓને દેખભાળ આરોગ્ય કર્મીઓ તેમજ સાથે કર્મચારીઓ દ્વારા કરતા હોય છે ત્યારે આરોગ્ય કર્મીઓની હડતાળની પગલે આ તમામ સેવાઓ ખોરવાઈ હોવાની માહિતી મળી રહી છે અત્યારે ઉલ્લેખની એ છે કે ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા પોલીસ કર્મચારીઓ તેમજ તલાટી કમ મંત્રીશ્રીઓની માંગણીઓ સ્વીકારવામાં આવી છે તેવી રીતે જે આરોગ્ય કર્મચારીઓને પણ માગણી સ્વીકારવામાં આવે તેવી લોક લાગણી અને માગણી છે ત્યારે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા સંવેદનશીલતા દાખવી આરોગ્ય કર્મચારીઓની માંગણીઓ સ્વીકારી અને ગુજરાતના તમામ છેવાડાના માનવી સુધી ઘર ઘર સુધી આરોગ્ય સુવિધા મળી રહે તેઓ અભિગમ દાખવે તે જરૂરી છે

### પાલનપુરની રોઝમિન હોસ્પિટલ માં હોબાળો

# બાળકોની હોસ્પિટલ ના ડોક્ટર રીઝવાન લોઢીયા સામે ગંભીર આક્ષેપો

**અમારા બાળક ને બિજા દવાખાને લઈ જવાથી ફાઈલ માંગી હતી ડોક્ટરે ફાઈલ આપી ફાઈલ બિજા ડોક્ટર ને બતાવી પરત આવતા તરતજ ડોક્ટરે બાળકને મ્રુત જાહેર કરતા અમને શંકા ગઈ: મુતક બાળકના નાના**



બનાસકાંઠા સમાચાર

પાલનપુર ગઠામણ દરવાજા પાસે આવેલી રોઝમિન હોસ્પિટલ ના જાણીતા તબિબ રીઝવાન લોઢિયા સામે મૂતક બાળકના પરિવારજનો દ્વારા ગંભીર આક્ષેપો કરાતા ચકચાર મચી ગઈ હતી.

આજરોજ પાલનપુર ના તિનબત્તિ વિસ્તાર ના એક પરિવારની પુત્રવધુએ પંદર દિવસ પહેલા એક બાળકને જન્મ આપ્યો હતો જે બાળક ની તબિયત અચાનક લથડી પડતા આજથી પાંચ દીવસ પહેલા સારવાર માટે પાલનપુર ગઠામણ દરવાજે આવેલી રોજમિન ચિલ્ડ્રન હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યો હતો. આ બાળકની સતત પાંચ દીવસ થી સારવાર ચાલી રહી હતી જ્યારે આજે અચાન આ બાળક ના મોત ના સમાચાર સાંભળી પરિવારજનો હોસ્પિટલ માં હંગામો મચાવી દીધો હતો.અને ડોક્ટર રીઝવાન લોઢિયા અને મ્રુતક બાળકના પરિવારજનો આમને સામને આવી ગયા હતા.ત્યારે ડોક્ટર લોઢીયાએ તાત્કાલિક પચ્ચિમ પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે આવી જઈ આ મામલાને થાળે પાડ્યો હતો.અને બાળકના મ્રુતદેહને પરિવારજનો ને સોંપી અંતિમવિધિ માટે રવાના કર્યા હતા.

### અવસર છે લોકશાહીનો-ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨

# ગુજરાતના અધિકારીઓને નવી દિલ્હીના IIIDEM ના નેશનલ લેવલ માસ્ટર ટ્રેનર્સ અને ચૂંટણી પંચના નિષ્ણાતો દ્વારા તાલીમ

આગામી ગુજરાત વિધાનસભા ચૂંટણી-૨૦૨૨ની તૈયારીના ભાગરૂપે,ભારતના ચૂંટણી પંચ દ્વારા તા.૨૩મી ઓગસ્ટથી તા.૨૬મી ઓગસ્ટ,૨૦૨૨ દરમિયાન, ગુજરાતના ૧૮ જિલ્લાના ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ માટે સર્ટિફિકેશન પ્રોગ્રામ અંતર્ગત તાલીમ યોજવામાં આવી છે. ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓ માટેના સર્ટિફિકેશનના ચાર દિવસના સઘન તાલીમ કાર્યક્રમમાં નવી દિલ્હીના ‟હ્રઈસ ના નેશનલ લેવલ માસ્ટર ટ્રેનર્સ અને ચૂંટણી પંચના નિષ્ણાતો દ્વારા તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમના અંતે એક ઑનલાઈન ઈવેલ્યુએશન ટેસ્ટ લેવામાં આવશે, જેમાં ટેસ્ટ આપનાર અધિકારીઓએ ૮૦ ટકા સ્કોર કરનારને કેટેગરી-એ તથા કટઑફ માર્ક્સ તરીકે કેટેગરી-બી મુજબ ૫૦ ટકા સ્કોર કરવાનો રહેશે. આ ઉપરાંત ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને આપવામાં આવી રહેલી તાલીમના આશરે એક માસ બાદ ચૂંટણી પંચ દ્વારા વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ડાઉટ ક્લિયરિંગ સેશન યોજવામાં આવશે, જેના બીજા દિવસે ટેસ્ટ પણ લેવામાં આવશે. જે તાલીમાર્થી અધિકારીનું મુલ્યાંકન વાજબી નહીં ઠરે તેવા તાલીમાર્થીઓને બે અઠવાડિયા બાદ પરીક્ષા પાસ કરવા માટે બીજી તક આપવામાં આવશે.આ તાલીમ કાર્યક્રમમાં, રાજકોટના ટાગોર રોડ પર આવેલા એ.વી.પી.ટી.આઈ. અને અમદાવાદના સેટેલાઈટ રોડ પર આવેલા સરદાર પટેલ ઈન્સ્ટિટ્યુટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન ખાતે, અમદાવાદ, અરવલ્લી, બનાસકાંઠા, મહેસાણા, પાટણ, સાબરકાંઠા, દેવભૂમિ દ્વારકા, ગીર-સોમનાથ, જામનગર, જુનાગઢ, મોરબી, રાજકોટ, અમરેલી, ભાવનગર, બોટાદ, ગાંધીનગર, સુરેંદ્રનગર અને પોરબંદર જિલ્લાના મળી, ૮૬ ચૂંટણી અધિકારીઓ અને ૧૦૫ મદદનીશ ચૂંટણી અધિકારીઓ સહિત કુલ ૧૯૧ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કિસાન સંઘે પડતર પ્રશ્નો મુદ્દે અચોક્કસ મુદતના ધરણાનો પ્રારંભ કર્યો

ગાંધીનગર,તા.૨૫

પૂર્વ સૈનિકો અને આરોગ્ય કર્મચારીઓ બાદ હવે કિસાન સંઘે ફરી એક વખત સરકાર સામે બાંયો ચડાવી છે. વીજળી બિલ સહિતના અનેક પડતર પ્રશ્નો મુદ્દે કિસાન સંઘ દ્વારા ગાંધીનગરમાં અચોક્કસ મુદતના ધરણા શરૂ કરવામાં આવ્યા છે. આ ધરણામાં બહોળી સંખ્યામાં ખેડૂતોએ એકત્રિત થઈને સરદાર પટેલના પૂતળા પાસે વિરોધ પ્રદર્શિત કર્યો હતાં . દરરોજ રાજ્યના દરેક જિલ્લા અને તાલુકામાંથી ખેડૂતો ગાંધીનગર આવી રહ્યાં છે અને ધરણા કાર્યક્રમમાં જોડાશે. કિસાન સંઘે ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી ખેડૂતોના પ્રશ્નોનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી ધરણા અને વિરોધ પ્રદર્શન યથાવત રખાશે. ભારતીય કિસાન સંઘનો આક્ષેપ છે કે તેઓ છેલ્લા બે વર્ષથી સરકારને રજૂઆત કરી રહ્યાં છે, પરંતુ હજી સુધી કોઈ નિર્ણય લાવવામાં આવ્યો નથી.કિસાન સંઘ દ્વારા છેલ્લા ઘણા સમયથી ખેડૂતોને મીટર આધારિત વીજ દર અને હોર્સ પાવર આધારિત વીજ દરમાં સમાનતાની માગ કરવામાં આવી રહી છે.તેમ છતાં સરકાર દ્વારા ખેડૂતોની સમસ્યાઓનો ઉકેલ ન લાવવામાં આવતા રાજ્યના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### વિશ્વ પ્રવાસી સંઘમાં આંતરરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે ઈલેવાન ઠાકરની નિમણૂંક કરવામાં આવી

# કૈલાશ માનસરોવર, જ્ઞાનવાપી મંદીર અને લવ જેહાદના વિષયો અમારી પ્રાથમિક્તા : ઈલેવાન ઠાકર



ગાંધીનગર , તા.૨૨

વિશ્વ પ્રવાસી સમાજીક અને સાંસ્કૃત્તિક સંઘની રાષ્ટ્રીય સંકલન સમિતિની બેઠક દિલ્હીના કરોલ બાગમાં યોજાઈ હતી. આ બેઠકમાં સંઘના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ સ્વામી દયાનંદજી મહારાજ , રાષ્ટ્રીય અધ્યક્ષ ડૉ. કૈશલ અગ્રવાલ , સંસ્થાના વડા ડો. સત્ય પ્રકાશ તિવારી , રાષ્ટ્રીય મહાસચિવ ડૉ. રણબીર સિંહની સાથે દેશના વિવિધ રાજ્યોના પ્રદેશ પ્રમુખો અને રાષ્ટ્રીય પદાધિકારીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ગુજરાત પ્રદેશના પ્રમુખ તરીકે છેલ્લા ૪ વર્ષથી સંઘમાં સેવા બજાવતા ઈલેવાન ઠાકરને તેમની નિષ્ઠાઅને કામગીરી જોઈને રાષ્ટ્રીય મહામંત્રી અને આંતરરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે સાથે સાથે સંઘના પ્રચાર પ્રસાર, પ્રકાશન અને પ્રસાશનની વિશેષ જવાબદારી સોંપવામાં આવી હતી.

આ પ્રસંગને અનુરુપ ઈલેવાન ઠાકરે જણાવ્યું હતું કે, છેલ્લા ૪ વર્ષથી અમે કૈલાસમાન સરોવર કે જે ચાઈના ના અનઅધિકૃત કબ્જામાં છે તેને મુક્ત કરવા માટે વિવિધ જગ્યાઓ પર કાર્યક્રમો આપેલ છે અને કૈલાસ માનસરોવર ને વૈશ્વિક ધરોહર તરીકે જાહેર કરવાની અમારી મુખ્ય મંગણી છે જેમાં અમો સમગ્ર વિશ્વમાં આ કાર્યક્રમ ચલાવી રહ્યાં છીએ. સાથે સાથે જ્ઞાનવાપી મસ્જીદ જેને અમો જ્ઞાનવાપી મંદીર કહીએ છીએ કેમ કે પુરાતત્વ વિભાગ દ્વારા અમારા હિન્દુ દેવતાઓના અવસેષો ત્યાંથી મળી આવેલ હોવાથી જ્ઞાનવાપી મંદીરના પ્રશ્નનો હલ તાત્કાલીક આવે તે માટે અમો કર્યક્રમો અને લોક જાગૃતીના અભિયન ચલાવી રહ્યાં છીએ. સાથે સાથે લવ જાહાદના કિસ્સાઓ જે રીતે સમાજમાં વધી રહ્યાં છે અને તેનો ભોગ હિન્દુ દિકરીઓ બની રહી છે તે બાબતે પણ અમો સતત કાર્યક્રમો આપી રહ્યાં છીએ અને સનાતની સંસ્કૃત્તીને ઉત્તેજન આપી સામાજીક અને સાંસ્કૃત્તિક વારસાને કાયમ રાખવાના પ્રયત્નો કરીએ છીએ.

તેઓએ જણાવ્યું હતું કે, આંતરાષ્ટ્રીય કોર્ડીનેટર તરીકે મને સોંપવામાં આવેલ જવાબારી માં પ્રથમ બેઠક યુકેમાં આવતા ફેબ્રુઆરી માસમાં અમો લેવા જઈ રહ્યાં છીએ ત્યારબાદ દુબઈ અને પછી મે – ૨૦૨૩માં યુએસએ ખાતે વિશ્વ પ્રવાસી સામાજીક અને સાંસ્કૃત્તીક સંઘની બેઠક થવા જઈ રહી છે.

# હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત વિશેષ સંવાદ : ’ધર્માંતરણ એ જ રાષ્ટ્રાંતરણ !’

## ધર્માંતરણ વિરોધી કાયદો સમગ્ર દેશમાં લાગુ કરીને તેનો

કઠોરતાથી અમલ કરો ! - શ્રી. પ્રબળ પ્રતાપસિંહ જુદેવ, પ્રદેશમંત્રી, ભાજપ, છત્તીસગઢ

ખ્રિસ્તી મિશનરીઓએ માનવતા માટે શાળા, રુગ્ણાલયો અવશ્ય ખોલવા; પણ આ સગવડો-સુવિધાઓના નામ હેઠળ ખ્રિસ્તી થવા માટે હિંદુઓનું ધર્માંતરણ શા માટે ? શિક્ષણ અને અન્ય સેવાઓના નામ હેઠળ વેપાર કરવામાં આવી રહ્યો છે. આપણી સંસ?કૃતિ એ ભારતનું જમા પાસું છે, તેને કારણે આપણી સંસ્કૃતિ પર પ્રહાર કરીને નિયોજનબદ્ધ રીતે હિંદુઓનું ધર્માંતરણ કરવામાં આવી રહ્યું છે. ધર્માંતરણ આ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે. જ્યાં જ્યાં હિંદુઓનું ધર્માંતરણ થયું, તે ભાગ અસ્થિર થયો, આના માટે ઈતિહાસ સાક્ષી છે. આજે દેશના અનેક રાજ્યોમાં ધર્માંતરણ વિરોધી કાયદો ભલે લાગુ કર્યો હોય, તો પણ આ કાયદો સમગ્ર દેશમાં લાગુ કરીને તેનો કઠોર અમલ થવો આવશ્યક છે. તે માટે સમગ્ર દેશના હિંદુઓએ પ્રયત્નો કરવા આવશ્યક છે, એવું આવાહન ભાજપના છત્તીસગઢ પ્રદેશમંત્રી અને અખિલ ભારતીય ઘરવાપસી પ્રમુખ શ્રી. પ્રબળ પ્રતાપસિંહ જુદેવે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી ‘ધર્માંતરણ એ જ રાષ્ટ્રાંતરણ !’ આ વિષય પરના ‘ઑનલાઈન’ વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

વિશ્વ હિંદુ પરિષદના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. વિનોદ બંસલે કહ્યું કે, ‘ધર્માંતરણ એ જ રાષ્ટ્રાંતરણ’ આ વિશે કોઈપણ શંકા રહેવી જોઈએ નહીં. અખંડ ભારતથી અફઘાનિસ્તાન, પાકિસ્તાન, બાંગ્લાદેશ આ બધા ધર્મના આધાર પર જ જુદા થયા છે. જ્યાં જ્યાં હિંદુઓની જનસંખ્યા ઘટી ગઈ, ત્યાં ત્યાં હિંદુઓ વટલાઈ ગયા. કાશ્મીર, બંગાળ, ઈશાન ભારતના રાજ્યો એ તેનાં ઉદાહરણો છે અને ત્યાં આતંકવાદી કાર્યવાહીઓ, જેહાદી આક્રમણોમાં વૃદ્ધિ થઈ છે, તેમજ ત્યાંના હિંદુઓ લઘુમતિમાં આવી ગયા છે. ધર્માંતરણ રોકવા માટે અનેક સાધુ-સંતોએ બલિદાન આપ્યું છે. ઓડિસા ખાતેના સ્વામી લક્ષ્મણાનંદ સરસ્વતીએ ધર્માંતરણ રોકવા માટે અને હિંદુઓની ઘરવાપસી માટેના મહાન કાર્ય કરતા કરતા પ્રાણોનું બલિદાન આપ્યું. ધર્માંતરણ રોકવું ઘણું આવશ્યક છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના મધ્યપ્રદેશ અને રાજસ્થાનના સમન્વયક શ્રી. આનંદ જાખોટિયાએ કહ્યું કે, ‘જ્યારે એક વ્યક્તિના સંદર્ભમાં ધર્મપરિવર્તન થાય છે, ત્યારે કેવળ તેનું ધર્મપરિવર્તન થતું હોવાને બદલે આપણા ધર્મના વિરોધમાં એક શત્રુ તરીકે તે ઊભો રહે છે’, એવું સ્વામી વિવેકાનંદે કહ્યું હતું. પહેલાં અખંડ રહેલા ભારતનું હવે વિભાજન થયું છે. દેશનાં ૯ રાજ્યોમાં હિંદુઓ અલ્પસંખ્યાંક બની ગયા છે. ધર્માંતરણની સમસ્યાએ હવે વ્યાપક રૂપ ધારણ કર્યું છે. હિંદુઓનું ધર્માંતરણ કરવા માટે વિદેશમાંથી મોટા પ્રમાણમાં પૈસો પૂરો પાડવામાં આવી રહ્યો છે. સમગ્ર દેશમાં ધર્માંતરણ વિરોધી કાયદો એવી કઠોર પદ્ધતિથી લાગુ કરવામાં આવે કે, ધર્માંતરણ કરવાની કોઈની હિંમત થાય નહીં. ધર્માંતરણ વિરોધી કાયદો એ કાળની આવશ્યકતા છે.

શ્રી. રમેશ શિંદે

# જૂનાગઢમાં કોકનેટ ડેવલપમેન્ટ બોર્ડ ઓફીસનું ઉદ્દ્ઘાટન ૨ સપ્ટેમ્બરના રોજ કરવામાં આવશે નાળીયેરીના પાકને લગતા કામો માટે ખેડૂતોને સ્થાનિક કક્ષાએ સુવિધા મળશે: રાઘવજીભાઈ પટેલ

જૂનાગઢ,તા.૨૫

જૂનાગઢમાં કેન્દ્રીય મંત્રી નરેન્દ્રસિંહ તોમર કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડ ઓફિસનું ઉદ્દ્ઘાટન તા.૨ના સવારે ૧૦ કલાકે કરશે. આ તકે કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ ૧૧ કલાકે એગ્રીકલ્ચર યુનિવર્સીટી ખાતે વિશ્વ કોકોનેટ ડે ઉપર ફંક્શન યોજાશે.

જૂનાગઢમાં કોકોનેટ ડેવલપમેન્ટ બોર્ડ ઓફીસના ઉદ્દ્ઘાટન સમારોહના સુચારુ આયોજન અંગેની બેઠક કલેકટર રચિતરાજના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.નાળિયેર વિકાસ બોર્ડ, જૂનાગઢ કચેરીના ઉદ્દ્ઘાટન માટે નિયુક્ત અધિકારીઓ, સંબંધિત એસડીએમ, મામલતદાર, નાયબ નિયામક બાગાયત, જિલ્લા કૃષિ અધિકારી, ભૂતપૂર્વ એન્જી આર એન્ડ બી સ્ટેટ, એનઆઈસી ટીમ અને પીજીવીસી એલ સાથે સમીક્ષા બેઠક કલેક્ટર રચિત રાજે લીધી હતી.

આ તકે કલેક્ટર એ ઓફિસ સ્થળના નવીનીકરણના કામની સ્થિતિની સમીક્ષા કરી, માર્ગ મકાન વિભાગના અધિકારીઓને સમય મર્યાદામાં કામ પૂર્ણ કરવા સૂચના આપી હતી. એસડીએમ કેશોદ અને એસડીએમ મેંદરડાને કૃષિ કચેરી સાથે સંકલન કરવા અને માળિયા અને માંગરોળ પટ્ટામાં નાળિયેરના ખેડૂતોનો ડેટા રાખવા તથા ડેટા મેળવવા સૂચના આપી હતી. ડેટા માટે ખેડૂતો સાથે સંકલન કરવાનું પણ જણાવ્યુ હતું.

જિલ્લાભરમાંથી આવતા ખેડૂતો માટે પરિવહન સહિતની વ્યવસ્થા અંગે પણ ચર્ચા કરી હતી. કૃષિ યુનિવર્સિટીને નારિયેળની ખેતી, સોઈંગ પેટર્ન, માર્કેટિંગ, જંતુનાશક નિયંત્રણ અને નારિયેળના ખેડૂતો માટે તાલીમ વર્કશોપ પર નિષ્ણાત વ્યાખ્યાન/વૈજ્ઞાનિક નિદર્શન તૈયાર કરવા સૂચના કલેક્ટરએ આપી હતી. આત્માના નિયામકને નારિયેળ ની ખેતી માટે વૃક્ષારોપણ, ખેતી અને માર્ગદર્શન માટે શિબિરો તથા નારિયેળની ખેતી પર એક પ્રદર્શનનું આયોજન કરવાની સૂચના આપી હતી. કેન્દ્રીય મંત્રી વિશ્વ નાળિયેર દિવસ પર કોચી, કેરળ ખાતે ખેડૂતોને સંબોધિત કરશે,

ઉદઘાટન સમારોહના સ્ક્રીન, વેબલિંક, વેબકાસ્ટિંગ અને લાઈવ સ્ટ્રીમિંગની વ્યવસ્થા માટે ગઈઈ ટીમને સૂચના આપી હતી.જૂનાગઢના મદદનીશ બાગાયત નિયામક વિશાલ હદવાણીએ કહયુ હતું કે જૂનાગઢ જિલ્લામાં ફળોમાં પ્રથમ કેરી અને પછી નાળિયેરનો પાક સૌથી વધુ થાય છે. જિલ્લામાં નાળિયેરનો ૬૩૦૦ હેકટર વાવેતર વિસ્તાર છે. માંગરોળમાં નાળિયેરી પાક માટેના રોપાઓ રોપ ઉછેર કેન્દ્રમાં તૈયાર કરવામાં આવે છે.

# પાલનપુરમાં મહીલાના ગળામાંથી અજાણ્યો શખ્સ ચેઈનની તફડંચી કરી ફરાર

બનાસકાંઠા સમાચાર

બસમાં ચઢતી વખતે અજાણ્યો શખ્સ દોરો તોડી ફરાર થઈ ગયો : ફરિયાદ નોંધાવતાં તપાસના ચક્રો ગતિમાન.

પાલનપુર ગાયત્રીનગર સોસાયટીમાં રહેતી એક મહીલા ધાનેરા પોતાના ભાઈને રાખડી બાંધવા માટે ધાનેરા જતી હતી.ત્યારે પાલનપુર નવા બસ પોર્ટમાં બસમાં ચઢતી વખતે અજાણ્યો શખ્સ તેણીના ગળામાં પહેરેલી રૂ. ૫૦,૦૦૦ ની સોનાની ચેઈનની તફડંચી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ૩ શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે, પાલનપુર-આબુ હાઈવે નજીક આવેલી ગાયત્રીનગર સોસાયટીમાં રહેતાં જયાબેન જીતેન્દ્રકુમાર જોષી રક્ષાબંધને ધાનેરા પોતાના ભાઈને રાખડી બાંધવા જવા માટે પાલનપુર નવા બસ પોર્ટમાં આવ્યા હતા. જ્યાં બપોરના સુમારે પાલનપુર-ગાંગુદ્રા બસમાં ચઢતી વખતે મુસાફરોની ભીડમાં અજાણ્યા ૩ શખ્સો પૈકી એક શખ્સે તેમના ગળામાં પહેરેલી રૂ. ૫૦,૦૦૦ ની સોનાની ચેઈન સવા તોલાની તફડાવી હતી.જયોત્સનાબેને બૂમાબૂમ કરી હતી. જોકે, ત્રણેય શખ્સો નાસી છૂટ્યા હતા. આ અંગે પશ્ચિમ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે અજાણ્યા ૩ શખ્સો સામે ગુનો નોંધી તેમને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

# ચાણસ્માના જસલપુર ખાતે હોમાત્મક લધુરુદ્ર યજ્ઞ યોજાયો



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

સમગ્ર ભારત દેશ સહિત ગુજરાત રાજયમાં હિન્દુ ધર્મમાં દેવી-દેવતાઓનું સ્થાન રહેલું છે ત્યારે શ્રાવણ માસ આવતાની સાથે જ વ્રત તપ સહિતની પૂજા આરાધના કરવામાં આવતી હોય છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના જસલપુર ગામ ખાતે આવેલ નીલકંઠેશ્વર મહાદેવના મંદિરમાં હોમાત્મક લઘુરુદ્ર યજ્ઞ યોજવામાં આવ્યો હતો દેવાધિદેવ મહાદેવ નો પ્રિય માસ એટલે શ્રાવણ માસ શ્રાવણ માસની અંદર વિવિધ કાષ્ટના લોકો શ્રી મહાદેવજીને રિઝવવા બીલીપત્ર ચઢાવવા સહિત પૂજાપાઠ કરતા હોય છે ત્યારે આજરોજ ચાણસ્મા તાલુકાના જસલપુર ખાતે આવેલ નીલકંઠેશ્વર મહાદેવ મંદિરમાં ચાણસ્માના ભારતીય જનતા પાર્ટીના આગેવાન તેમજ નીમા મેમોરિયલ ટ્રસ્ટના પટેલ મુકેશભાઈ જયંતીલાલ ઉર્ફે દાઢી તેમજ તેમના ધર્મપત્ની શિલ્પાબેન મુકેશ કુમાર પટેલ ના યજમાન પદે હોમાત્મક લઘુરુદ્ર ભૂદેવોના શાસ્રોકત મંત્રોચ્ચાર સાથે યજ્ઞ યોજાયો હતો અત્રે યોજાયેલ યજ્ઞમાં ભારતીય જનતા પાર્ટીના જિલ્લા અધ્યક્ષ ડો દશરથજી ઠાકોર, બક્ષીપંચ મોરચાના વિનયસિંહ ઝાલા, પાટણના પૂર્વ ધારાસભ્ય રણછોડભાઈ દેસાઈ, મહામંત્રી કિરણભાઈ જાની, ચાણસ્મા તાલુકા પંચાયત પ્રમુખ સહિત પત્રકાર મિત્રો તેમજ સ્નેહીજનો ઉપસ્થિત રહી પ્રસાદનો લાવવો લીધો હતો




**કોંગ્રેસ દ્વારા GST, મોંઘવારી તેમજ બેરોજગારી વિરૂદ્ધ ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા પ્રદર્શન**




તા.૨૫-૮-૨૦૨૨ ગુરુવારે સવારે ૯-૩૦થી ૧૧-૩૦ દરમ્યાન નવા વાડજ-નારણપુરા વિસ્તારના જરૂરતમંદ લોકોના લાભાર્થે નિઃશુલ્ક ડાયાબિટીસ નિદાન કેમ્પનું ચોથા રાઉન્ડમાં આયોજન ડૉ.બી.ટી.પટેલ ક્લીનીક,ગાયત્રી હોસ્પિટલ કિરણ પાર્ક સામે,નવા વાડજ અમદાવાદ ખાતે ગાયત્રી પરિવાર નારણપુરા,લાયન્સ ક્લબ ઓફ જોધપુર હીલ, માઈક્રો લેબ કંપની,ડૉ.બી.ટી પટેલ ક્લીનીક કાર્યકર્તા મિત્રો ઉમેશ પટેલ પંકજ જોષી વાસુભાઈ ગોહેલના સહયોગથી યોજાયેલ જેમાં દરવખતની જેમ જૂના અને નવા ઘણા દર્દીઓએ ડાયાબિટીસ નિદાનો લાભ લીધો હતો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.